RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 104* Date: 10.02.2022 Thusrsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

હિજાબ વિવાદ બાદ મુસ્લિમ દેશોમાં ભારતની આકરી ટીકા કરાઈ

હિજાબ વિવાદ પર કર્ણાટક હાઇકોર્ટની સિંગલ બેંચે મોટી બેંચને મોકલ્યો

કર્ણાટક સરકાર તરફથી હાજર એટોર્ની જનરલે કહ્યું કે આ મામલામાં દાખલ તમામ અરજીઓ ખોટી છે આ અરજીઓમાં સરકારના જીઓ પર સવાલ ઉઠાવ્યા છે

બેંગ્લુરૂ,તા.૯

હિજાબ વિવાદ પર આજે કર્ણાટક હાઇકોર્ટમાં સુનાવણી થઇ આ દરમિયાન મામલાની સુનાવણી કરી રહેલ કર્ણાટક હાઇકોર્ટના જજ ન્યાયમૂર્તિ કૃષ્ણ દીક્ષિતે મામલાને મોટી બેંચમાં મોકલવાનો નિર્ણય કર્યો છે.ન્યાયમૂર્તિ દીક્ષિતે કહ્યું કે આ મામલામાં વચગાળાની રાહતના સવાલ પર પણ મોટી બેંચ વિચાર કરશે

કોલેજોમાં હિજાબની મંજુરી ના આપવાની વિરૂધ્ધ કર્ણાટકટ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે.કર્ણાટક હાઇકોર્ટમાં મંગલવારે પણ તેના પર સુનાવણી થઇ હતી કોર્ટની સિંગલ બેંચે બુધવારે આ મામલાને મોટી બેંચ પર મોકલવાનો નિર્ણય કર્યો છે કોર્ટમાં અરજીકર્તાઓ તરફથી દલીલ કરવામાં આવી હતી કે મામલો ખુબ ગંભીર છે અને તેને મોટી બેંચને મોકલવાની જરૂરત છે.

આ પહેલા કર્ણાટક સરકાર તરફથી હાજર એટોર્ની જનરલે કહ્યું કે આ મામલામાં દાખલ તમામ અરજીઓ ખોટી છે આ અરજીઓમાં સરકારના જીઓ પર સવાલ ઉઠાવ્યા છે જયારે સરકારે તમામ સંસ્થાનોને સ્વાયત્તતા આપી છે રાજય તેના પર નિર્ણય લેતા નથી આવામાં પ્રથમ દૃષ્ટીય મામલો બનતો નથી

કર્ણાટક સરકારે રાજયમાં કલમ ૧૩૩ લાગુ કરી દીધી છે આ કારણે હવે તમામ સ્કુલ કોલેજમાં યુનિફોર્મને અનિવાર્ય કરી દેવામાં આવ્યો છે.આ હેઠળ સરકારી સ્કુલ અને કોલેજમાં તો નક્કી યુનિફોર્મ પહેરવી જ પડશે પ્રાઇવેટ સ્કુલ પણ પોતાની ખુદની એક યુનિફોર્મ પસંદ કરી શકે છે.

આ નિર્ણયને લઇ વિવાદ ગત મહીને જાન્યુઆરીએ ત્યારે શરૂ થયો જયારે ઉડુપીની એક સરકારી કોલેજમાં છ છાત્રાઓએ હિજાબ

પહેરી કોલેજમાં એન્ટ્રી લીધી હતી વિવાદ એ વાતને લઇ હતી કે કોલેજ પ્રશાને છાત્રાઓને હિજાબ પહેલા માટે ઇન્કાર કર્યો હતો પરંતુ તે ફરી પહેરીને આવી હતી તે વિવાદ બાદથી બીજી કોલેજોમાં પણ હિજાબને લઇ વિવાદ શરૂ થયો હતો. કર્ણાટકના સ્કુલ કોલેજોમાં ધાર્મિક પહેરવેજ પર રોકના આદેશ બાદ વિવાદ ઉભો થયો છે વિવાદ કર્ણાટક અને ત્યાંની સ્કુલો કોલેજોથી થઇ દેશના બાકી ભાગમાં પહોંચી ગયો છે તેના પર જયારે વિવિધ પાર્ટીઓના રાજનેતા પણ આમને સામને છે દિલ્હી મુંબઇમાં પણ વિરોધ પ્રદર્શન થઇ રહ્યાં છે.કર્ણાટકના ઉડુપીમાં જે રીતે કૉલેજમાં હિજાબ પહેરવા પર છાત્રાઓને ક્લાસમાં આવવાથી રોકવામાં આવી ત્યારબાદ આ સમગ્ર મામલો કોર્ટમાં પહોંચી ગયો. એક તરફ જ્યાં છાત્રાઓ હિજાબ પહેરવાને લઈને કૉલેજ પ્રશાસન વિરુદ્ધ પ્રદર્શન કરી રહી છે ત્યાં બીજી તરફ અમુક છાત્રો ભગવો ગમછો પહેરીને હિજાબનો વિરોધ કરી રહ્યા છે અને જય શ્રીરામના નારા લગાવી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ ટ્વિટ કરીને સમગ્ર મામલે પોતાની પ્રતિક્રિયા આપી છે. પ્રિયંકા ગાંધીએ ટ્વિટ કરીને લખ્યુ કે કોઈ બિકિની પહેરે, ઘૂંઘટ કરે કે પછી જીન્સ પહેરે કે હિજાબ પહેરે એ મહિલાનો અધિકાર છે કે તે જાતે નિર્ણય કરે કે તે શું પહેરવા માંગે છે. આપણા દેશના બંધારણે આ ગેરેન્ટી આપી છે. આ સાથે જ પ્રિયંકા ગાંધીએ હેશ ટેગ 'લડકી હુ, લડ શકતી હુ' લખ્યુ. નોંધનીય વાત એ છે કે આ મામલો કર્ણાટક હાઈકોર્ટમાં છે અને કોર્ટે મંગળવારે આ કેસની સુનાવણી કરીને કહ્યુ કે અમે ભાવનાઓ અને જૂનુન પર ચુકાદો નહિ આપીએ. દેશનુ બંધારણ જ અમારા માટે ભગવત ગીતા છે. વાસ્તવમાં કર્ણાટકની અમુક કૉલેજોમાં હિજાબ માટે પ્રદર્શન શરુ થયુ જેને લઈને મોટો વિવાદ ઉભો થઈ ગયો. ઘણી જગ્યાએ પત્થરબાજીની ઘટનાઓ પણ સામે આવી. આ મામલે એક વાર ફરીથી કોર્ટમાં સુનાવણી થશે. મુસ્લિમ છાત્રાઓ માંગ કરી રહી છે કે તેમને ક્લાસની અંદર હિજાબ પહેરવાની અનુમતિ આપવામાં આવે. છાત્રોનુ કહેવુ છે કે આ માત્ર એક કપડાનો ટૂકડો નથી. અમે આને બાળપણથી પહેરતા આવ્યા છીએ. વળી, છાત્રાઓના આ આંદોલનને કોંગ્રેસ પોતાનુ સમર્થન આપી રહી છે. કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્રારમૈયા, રાહુલ ગાંધી, શશિ થરુરે પણ છાત્રાઓનુ સમર્થન કર્યુ. આ પહેલા રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને લખ્યુ હતુ કે છાત્રાઓના શિક્ષણની વચમાં હિજાબને લાવીને આપણે તેમના ભવિષ્યને ખરાબ કરી રહ્યા છે. આનાથી ભારતની દીકરીઓનુ ભવિષ્ય જોખમમાં પડશે. મા સરસ્વતી આપણને સહુને જ્ઞાન આપે. તે આપણામાં ભેદભાવ નથી કરતા. આ સમગ્ર વિવાદનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે કે બુરખામાં એક છાત્રાને અમુક યુવકો ઘેરી લે છે અને તેનો વિરોધ કરે છે અને જય શ્રી રામના નારા લગાવે છે. જયારે છાત્રા અલ્લાહુ અકબર કહે છે.હિજાબને લઈને કર્ણાટકમાં ચાલી રહેલા વિવાદમાં નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અને મહિલા અધિકાર કાર્યકર્તા મલાલા યુસુફઝાઈ પણ કૂદી પડી છે. આ માટે તેણે ટ્વિટરની મદદ લીધી હતી. મલાલાએ લખ્યું, "કોલેજ અમને અભ્યાસ અને હિજાબ વચ્ચે પસંદગી કરવા માટે મજબૂર કરી રહી છે. છોકરીઓને તેમના હિજાબમાં શાળામાં જવાનો ઇનકાર કરવો એ ભયાનક છે. મહિલાઓને વધુ કે ઓછુ પહેરવુ પ્રત્યેનું વલણ આજ પણ યથાવત છે. ભારતીય નેતાઓએ મુસ્લિમ મહિલાઓને હાંસિયામાં ધકેલવાનું બંધ કરવું જોઈએ.

હું ટુકડે ટુકડે ગેંગનો સભ્ય છું હું આનાથી નિરાશ નથી : પી ચિદમ્બરમ

નવીદિલ્હી,તા.૯

જયારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયસભામાં 'કોંગ્રેસ ન હોત તો શું' પર એક પછી એક અનેક શકયતાઓ ગણાવી હતી, તેના જવાબમાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પી. ચિદમ્બરમે તેમની સરકારને આંકડાઓના અભાવની સરકાર ગણાવી હતી. કોંગ્રેસના દિગ્ગજ નેતાએ ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ને 'કોઈ ડેટા ઉપલબ્ધ નથી' સરકાર ગણાવી હતી. આ માટે તેમણે અલગ-અલગ બાબતો પર સરકારના જવાબો ટાંક્યા. રાજયસભામાં બજેટ પર ચર્ચા શરૂ કરતી વખતે ચિદમ્બરમે આ વાત કહી

તેમણે કહ્યું કે કોંગ્રેસનો આભાર માનવો જોઈએ જેના કારણે તે રાજ્યસભામાં બોલવા સક્ષમ છે, નહી તો ભારત સરકારના ૧૯૧૯ના કાયદા અનુસાર તેને 'કાઉન્સિલ ઑફ પ્રિન્સ' કહેવામાં આવત. ચિદમ્બરમે કહ્યું, 'હું ટુકડે ટુકડે ગેંગનો સભ્ય છું હું આનાથી નિરાશ નથી. આ સંસદમાં સવાલ પૂછવામાં આવ્યો હતો કે ટુકડે ટુકડે ગેંગના સભ્યો કોણ છે? ત્યારે માનનીય મંત્રીએ કહ્યું હતું કે ટુકડે ટુકડે ગેંગ વિશે અમારી પાસે કોઈ ડેટા ઉપલબ્ધ નથી. તેમણે કહ્યું કે ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં, ૮,૭૨,૨૪૩ સરકારી પોસ્ટ્સ ખાલી હતી અને 'સર્વશક્તિમાન ભારત સરકારે ૭૮,૨૬૪ પદો ભર્યા અને લગભગ આઠ લાખ પોસ્ટ્સ ખાલી હતી

તેમણે કહ્યું કે ગયા નાણાકીય વર્ષમાં નાણામંત્રીએ ૬.૮ ટકાની રાજકોષીય ખાધનો અંદાજ મૂક્યો હતો. તેમણે કહ્યું કે તેમણે આ માટે નાણામંત્રીને ચેતવણી પણ આપી હતી, પરંતુ નાણામંત્રીએ ત્યારે કહ્યું હતું કે અમે આનાથી વધુ સારું કરીશું. હકીકતમાં, તે ૬.૯ ટકા હતો, ચિદમ્બરમે જણાવ્યું હતું. ચિદમ્બરમે કહ્યું કે ડિસઇન્વેસ્ટમેન્ટ માટે એક લાખ ૭૫ હજાર કરોડ રૂપિયાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તેઓ સરકારના આભારી છે કે આ લક્ષ્યાંકમાં માત્ર ૭૫,૦૦૦ કરોડ રૂપિયા એકત્ર થયા.તેમણે કહ્યું કે ૨૦૨૧-૨૨ના બજેટ અંદાજમાં એવું કહેવામાં આવ્યું હતું કે મૂડી ખર્ચ ૫,૫૪,૨૩૬ કરોડ રૂપિયા હશે. તેમણે કહ્યું કે મૂડી ખર્ચ વિકાસને વેગ આપશે. તેમણે જણાવ્યું હતું કે સુધારેલ અંદાજ સુખદ આશ્ચર્ય તરીકે આવ્યો હતો જેમાં તેને વધારીને રૂ. ૬,૦૨,૭૧૧ કરોડ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે આમાં એર ઈન્ડિયાની એક વખતની લોનની ચુકવણી માટે આપવામાં આવેલા રૂ. ૫૧,૯૭૧ કરોડનો સમાવેશ થાય છે. તેમણે પ્રશ્ન કર્યો કે એર ઈન્ડિયાને આપવામાં આવેલી રકમ મૂડી ખર્ચ કેવી રીતે હોઈ શકે? તેમણે સરકારના પાછલા બજેટમાં કેટલીક ટ્રેનોના ખાનગીકરણ સહિતની અનેક જાહેરાતો પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે આ સંદર્ભે કશું કરવામાં આવ્યું નથી.

ભૂતપૂર્વ નાણામંત્રીએ કહ્યું કે તેમની પાર્ટીની નીતિ ત્રણ ડબ્લ્યુ પર આધારિત છે એટલે કે કામ (કામ), કલ્યાણ, (કલ્યાણ) અને સંપત્તિ (સંપત્તિ). તેમણે કહ્યું કે અમે સંપત્તિના સર્જનના વિરોધમાં નથી પરંતુ કામ એટલે કે નોકરી હોવી જોઈએ. તેમણે કહ્યું કે સરકારે દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું અને સરકારે અમને (સંસદ) જણાવવું જોઈએ કે કેટલી નોકરીઓ સર્જાઈ?

નાણાંમંત્રી નિર્મલા સીતારામણના બજેટથી નાના ઉદ્યોગોને અસંતોષ

નવીદિલ્હી,તા.૯

નાના ઉદ્યોગો માટે બનાવવામાં આવતી વસાહતોમાં પૂરતી માળખાકીય સુવિધા અને વાજબી દરથી ધિરાણ આપવા માટેની નક્કર જોગવાઈ નિર્મલા સીતારામને રજૂ કરેલા બજેટમાં કરવામાં આવી જ ન હોવાની ફરિયાદ નાના અને મધ્યમ ઉદ્યોગોના ફેડરેશન તરફથી કરવામાં આવી છે. નાના અને મધ્યમ ઉદ્યોગોને વાજબી દરે સમયસર ધિરાણ ન મળતા હોવાથી તેમના વિકાસને વેગ મળતો નથી. તેમને મોંઘા વ્યાજ દરે ધિરાણ લેવાની ફરજ પડે છે.

નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને બજેટના માધ્યમથી રાહત આપવાના કરવામાં આવેલા પ્રયાસો પૂરતા નથી.,એમ ઑલ ઇન્ડિયા એમ.એસ.એમ.ઈ. ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલનું કહેવું છે. ઔદ્યોગિક વસાહતો નવી થતી નથી. તેમ જ વસાહતો તૈયાર થયા પછી તેમાં માળખાકીય સુવિધાઓ સમયસર અપાતી નથી. બીજીતરફ ડીલે પેમેન્ટ એટલે કે નાની સપ્લાયર કંપનીઓને પેમેન્ટ આપવામાં મોટી કોર્પોરેટ્સ દ્વારા અપનાવવામાં આવી રહેલી વિલંબ નીતિને નિયંત્રણમાં લેવા માટે સરકારે કાયદો કર્યો છે, પરંતુ તેનો જડબેસલાક અમલ થાય તેવી કોઈ જ જોગવાઈ કરી નથી. નાના ઔદ્યોગિક એકમોને ધિરાણ આપવાની બાબતમાં બ્રાન્ચ મેનેજરો મનસ્વી નિર્ણયો લઈન ે નાના ઉદ્યોગોની આર્થિક ભીંસ વધારવાનુ ંજ કામ કરે છે. આ સંજોગોમાં લોન કોને આપવી અને કોને ન આપવી તે અંગેના ધોરણો સ્પષ્ટ અને નિશ્ચિત કરી દેવા જરૂરી છે. નાના ઔદ્યોગિક એકમોને સરકારી નાણાં કીય સંસ્થાઓ તરફથી યોગ્ય પ્રતિભાવ પણ મળતો નથી. તેથી નાના ઉદ્યોગોને કમને પણ ખાનગી બેંકો અને સહકારી બેંકોને સહારે જવું પડે છે. તેમ જ નોન બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ પાસેથી ઊંચા વ્યાજદરે ધિરાણ લેવું પડે છે. વુમેન આન્ત્રેપ્રેન્યોરના કિસ્સામાં ક્રેડિટ ગેરન્ટી ફંડમાંથી કોઈપણ જાતની ગેરન્ટી વિના ધિરાણ મળે તેવી વ્યવસ્થા પણ હજી સુધી નક્કર પાયા પર ઊભી કરવામાં આવી નથી. કોટેજ-કુટિર ઉદ્યોગમાં, સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો સ્થાપતી મહિલાઓને રોજગારી મળે તે માટે પગલાં લેવાવા જરૂરી છે. સરકાર દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગોને ધિરાણ આપવા માટે અલગ બ્રાન્ચ બનાવવામાં આવે તો નાના અને મધ્યમ ઉદ્યોગોને જુદી જુદી યોજનાની જાણકારી ઉપરાંત ધિરાણ મેળવવામાં સરળતા થશે.

૨૩ અને ૨૪ ફેબ્રુઆરીએ બેંક કર્મચારીઓની હડતાળ, આગામી દિવસોમાં કુલ ૧૧ દિવસ બેંક બંધ રહેશે

મુંબઇ,તા.૯

બેંકોના કર્મચારીઓ આગામી ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ હડતાળ પાડશે. બેંકના કર્મચારીઓ સરકારને શ્રમિક અને જનવિરોધી ગણાવીને હડતાળ પાડી રહ્યા છે. હડતાળ માટે સેન્ટ્રલ ટ્રેડ યૂનિયન્સ અને અન્ય સંગઠનોએ ૨૩-૨૪ ફેબ્રુઆરીના રોજ હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળમાં દેશની તમામ બેંકોના કર્મચારીઓ સામેલ થશે. અખિલ ભારતીય બેંક કર્મચારી સંઘ ની કેન્દ્રીય કમિટીએ આ હડતાળમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. હડતાળના બે દિવસ ગણી લેવામાં આવે તો ફેબ્રુઆરીના બાકી રહેતા દિવસોમાંથી બેંકો કુલ ૧૧ દિવસ બંધ રહેશે.

સંગઠનના મહાસચિવ સીએચ વેંકટચલમે તમામ બેંકો, સંઘો અને સભ્યોને એક પત્ર લખીને આ જાણકારી આપી છે, તેમજ આ હડતાળમાં સામેલ થવા માટે તૈયાર રહેવા કહ્યું છે. તેમણે કહ્યુ કે યૂનાઇટેડ ફોરમ ઑફ યૂનિયન્સે બે સરકારી બેંકના ખાનગીકરણના વિરોધમાં ગત વર્ષે ૧૫ અને ૧૬ માર્ચના રોજ હડતાળ કરી હતી. એસોશિએશનના જણાવ્યા પ્રમાણે આ ફક્ત લોકોનું જીવન બચાવવા માટેની લડાઈ નથી, પરંતુ આવું અર્થતંત્રને બચાવવા માટે કરવામાં આવી રહ્યું છે.

જાહેર ક્ષેત્રની બેંકોના ખાનગીકરણના વિરોધમાં તેમજ સરકારની યોજનાનો વિરોધ કરવા માટે બેંક યૂનિયને ગત ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ પણ હડતાળ કરી હતી. એ સમયે બેંક હડતાલની અસર એસબીઆઇ પીએનબી સેન્ટ્રલ બેંક અને આરબીએલ બેંકની કાર્યવાહી પર પડી હતી. ચેક ક્લિયરિંગ, ફંડ ટ્રાન્સફર, ડેબિડ કાર્ડ સાથે જોડાયેલા કામ અટકી ગયા હતા.

ફેબ્રુઆરી મહિનામાં બાકી રહેતા દિવસોમાં જો હડતાળના બે દિવસને પણ ગણી લેવામાં આવે તો કુલ ૧૧ દિવસ બેંકો બંધ રહેશે.

જમ્મુ કાશ્મીરના અનંતનાગમાંથી ૩ હાઈબ્રીડ આતંકવાદી ઝડપાયા

જમ્મુ-કાશ્મીર,તા.૦૯

જમ્મુ અને કાશ્મીર પોલીસે અનંતનાગ જિલ્લામાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના બે આતંકી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ત્રણ હાઇબ્રિડ આતંકવાદીઓ સહિત ૧૧ આરોપીઓની ધરપકડ કરી છે. આ સાથે આતંકવાદીઓના કબજામાંથી હથિયારો અને દારૂગોળો સહિતની વાંધાજનક સામગ્રી પણ મળી આવી છે.

"વિશ્વસનીય માહિતીના આધારે, પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ દ્વારા અનંતનાગના શ્રીગુફવારા/બિજબેહરા વિસ્તારોમાં પોલીસ/સુરક્ષા દળો પર હુમલો કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું, જેના પગલે વિવિધ સ્થળોએ અનેક ચેક પોસ્ટ બનાવવામાં આવી હતી." પ્રવક્તાએ કહ્યું કે તેણે ખુલાસો કર્યો છે કે તે જૈશ-એ-મોહમ્મદનો સાથી છે અને પાકિસ્તાનમાં બેઠેલા તેમના માસ્ટર્સ સાથે સીધા સંપર્કમાં છે અને તેમના ઈશારે તેઓ પોલીસ/સુરક્ષા દળો પર હુમલો કરવા જઈ રહ્યા છે. "તેમના ખુલાસાઓ પછી, વધુ બે આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી," તેમણે કહ્યું, પોલીસે બિજબેહારા વિસ્તારમાં છ આતંકવાદીઓની ધરપકડ કરીને અન્ય આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો. તમને જણાવી દઈએ કે ઘાટીમાં આતંકવાદીઓનું આ નાપાક ષડયંત્ર સતત વધી રહ્યું છે.

મનરેગામાં કામકાજના દિવસો ૧૦૦થી વધારી ૧૫૦ કરવાની ભલામણ

નવીદિલ્હી,તા.૯

સંસદની સ્થાયી સમિતિએ મનરેગાના અમલીકરણની સમીક્ષા કરવાની ભલામણ કરી છે. સમિતિનું માનવું છે કે બદલાતા સમયમાં આ યોજનામાં ફેરફાર કરવાની જરૂર છે. આ સાથે, તેના વર્તમાન અમલીકરણની કેટલીક ખામીઓ પર પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.ગ્રામીણ વિકાસ મંત્રાલય પર સંસદીય સ્થાયી સમિતિનો અહેવાલ મંગળવારે સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં સરકારને ભલામણ કરવામાં આવી છે કે મનરેગા હેઠળ ઉપલબ્ધ કામના કુલ દિવસો વધારવામાં આવે. કામકાજના દિવસો હાલના ૧૦૦ દિવસથી વધારીને ૧૫૦ દિવસ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. સમિતિ માને છે કે મનરેગા ગ્રામીણ વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ લોકો માટે છેલ્લી આશા છે.

બીજી મહત્વની ભલામણ કરતાં સમિતિએ સમગ્ર દેશમાં મનરેગા હેઠળ વેતન દર એકસમાન ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. રિપોર્ટમાં અલગ-અલગ રાજ્યોમાં મનરેગા વેતન દરમાં તફાવતને અગમ્ય જણાવવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં જ્યાં વેતનનો દર ૧૯૩ રૂપિયા પ્રતિ દિવસ છે.જ્યારે બિહાર અને ઝારખંડમાં ૧૯૮ રૂપિયા, યુપીમાં ૨૦૪ રૂપિયા, બંગાળમાં ૨૧૩ રૂપિયા જ્યારે હરિયાણામાં સૌથી વધુ ૩૧૫ રૂપિયા પ્રતિ દિવસ છે. સમિતિએ ગ્રામીણ વિકાસ મંત્રાલયને આ અસમાનતાને દૂર કરવા અને સમગ્ર દેશમાં સમાન વેતન દર લાગુ કરવાનો માર્ગ શોધવાની ભલામણ કરી છે.

તંત્રી સ્થાનેથી...

કાશ્મીર પર રશિયાનો સાથ

પાકિસ્તાની વડાપ્રધાન ઇમરાન ખાનની હાલની ચીન યાત્રાના અંતમાં બંને દેશોએ જારી કરેલ સંયુક્ત ઘોષણાપત્રમાં કેટલીય વાતો ધ્યાન આપવા જેવી છે. 'ચીન-પાક કોરિડોરલ્ન્નો જે રીતે ઉલ્લેખ કરતાં તેના પર કામ ઝડપથી કરવાની વાત કહેવામાં આવી છે, તે ધ્યાન તો ખેંચે છે, પરંતુ તેનાથી પણ મોટી વાત એ છે કે બંને દેશોના સંયુક્ત નિવેદનમાં કાશ્મીર મુદ્દાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેને વારંવાર ચીન-પાક કોરિડોર કહેવાઈ રહ્યો છે, તે વાસ્તવમાં ભારતના એ વિસ્તારોમાંથી થઈને પસાર થાય છે, જેના પર પાકિસ્તાને ગેરકાયદે કબ્જો કરી રાખ્યો છે. દેખીતું છે, એવામાં એ ક્ષેત્રમાં બંને દેશોની કોઈ સમજૂતી ભારતને માન્ય નહીં જ હોય. જોકે આ સંયુક્ત નિવેદનનું વધુ મહત્ત્વ એ વાતમાં છે કે તેનાથી કાશ્મીરના સવાલને ન માત્ર જગ્યા આપવામાં આવી છે, બલ્કે એના પર બંને દેશો એકબીજા સાથે ઊભેલા દેખાવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમાં ચીનને એમ કહેતું બતાવાયું છે કે તે એના પર એકતરફી રીતે કરાતી એવી કોઈપણ કાર્યવાહીનો વિરોધ કરે છે, જે મામલાની જટિલતા વધારી દે. પરંતુ ભારત વારંવાર કહેતું રહે છે કે કાશ્મીર અને લદ્દાખ તેનું અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. એ પણ કે કાશ્મીરને લઈને જે પણ વિવાદ છે, તે ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મામલો છે અને બંને દેશ તેને પરસ્પર મળીને ઉકેલશે.

એવામાં ચીન-પાકિસ્તાનની વાતચીતમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવાનો કોઈ મતલબ નથી. બધા જવાબદાર દેશો અત્યાર સુધી કાશ્મીરને ભારત-પાકિસ્તાન વચ્ચેનો પરસ્પર મુદ્દો જ ગણાવતા રહ્યા છે. તાજું ઉદાહરણ રશિયાનું છે, જેણે એક મીડિયા આઉટલેટની ડોક્યુમેન્ટ્રી પર થયેલ વિવાદને ધ્યાનમાં રાખીને પોતાનું સ્ટેન્ડ ક્લિયર કર્યું છે. અસલમાં બર્લિન સ્થિત એક ડિજિટલ વીડિયો ઓર્ગેનાઇઝેશનની એક ડોક્યુમેન્ટ્રીનું પ્રસારણ ૧૧ ફેબ્રુઆરીએ થવાનું છે. કહેવાય છે કે તેમાં કાશ્મીરની તુલના પેલેસ્ટાઇન સાથે કરવામાં આવી છે. જોકે આ મીડિયા ઓર્ગેનાઇઝેશનને રશિયાનું સમર્થન હોવાનું કહેવાય છે, તેથી વિવાદ વધતો જોઇને રશિયાએ ખુદને તેનાથી અલગ કરતાં કહ્યું કે ના તો તેને આ વીડિયો કન્ટેન્ટ સાથે કોઈ લેવાદેવા છે કે ના કાશ્મીરને લઈને તેની નીતિમાં કોઈ બદલાવ થયો છે. રશિયાના દિલ્હી સ્થિત દૂતાવાસે કહ્યું કે કાશ્મીર દ્વિપક્ષીય બાબત છે અને ભારત-પાકિસ્તાન મળીને તેનો હલ કાઢશે. યુક્રેન મામલે અમેરિકા સાથે વધતા તણાવ અને ચીન સાથે વધતી નજદીકીના હાલના સંદર્ભમાં રશિયાનું આ સ્પષ્ટીકરણ ઘણું મહત્ત્વનું બની જાય છે. તેનાથી સ્પષ્ટ છે કે રશિયા બદલાતા આંતરરાષ્ટ્રીય સમીકરણોની કોઈ અસર ભારત સાથે પોતાના સંબંધો પર નથી પડવા દેવા માંગતું.

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ભાજપના કયા મંત્રી નો પગ કાપવો પડે તેવી સ્થિતિ હતી

ન્યાયની લાંબી લડત / અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસઃ કોર્ટ આજે આપી શકે છે મોટો ચુકાદો, ૧૪ વર્ષ બાદ પરિવારોને મળશે ન્યાયગણતરીની મિનિટોમાં જ અમદાવાદને લોહિયાળ કરનારી ઘટના ક્યારેય ભૂલી ન શકાય.જે સિરિયલ બ્લાસ્ટના પડઘા આજે પણ અમદાવાદમાં ગુંજી રહ્યા છે ૧૪ વર્ષની કાયદાકીય લાંબી લડત બાદ અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટની સ્પેશિયલ કોર્ટ ચુકાદો આપે તેવી સંભાવના છે ૨૬ જુલાઇ ૨૦૦૮નો એ દિવસ ૨૬ જુલાઈ ૨૦૦૮માં થયેલા અમદાવાદના સિરિયલ બોમ્બ બ્લાસ્ટને કોઈ ભૂલી શકે?.આ બ્લાસ્ટને આજે પણ યાદ કરીએ તો આંખમાંથી આંસુ સરી પડે છે.ત્યારે એ પરિવાર પર શું વીતતી હશે જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે.૧૪ વર્ષ પછી પણ પરિવારજનોને ન્યાયની આશા જીવંત દેખાઈ રહી છે.અમદાવાદના અસરવામાં રહેતા વ્યાસ પરિવાર ચુકાદા અને ન્યાય પાલિકા પર આશા રાખીને બેઠો છે.સિવિલ બ્લાસ્ટમાં આ પરિવારે ૮ વર્ષનો ભાઈ રોહન વ્યાસ અને પિતા દુષ્યંત વ્યાસને ગુમાવ્યા હતા.જયારે ધણધણી ઉઠ્યું હતું અમદાવાદ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતાઅમદાવાદમાં ૨૦ જગ્યાએ બ્લાસ્ટ થયા હતા

સિરિયલ બ્લાસ્ટમાં ૫૮ લોકોના મોત, ૨૦૦થી વધુ ઘાયલ થયા હતાઇન્ડિયન મુઝાહિદ્દિને લીધી હતી હુમલાની જવાબદારીમુફ્તિ અબુ બશીર, અન્ય ૯ આરોપી બ્લાસ્ટના મુખ્ય આરોપીબ્લાસ્ટ પહેલા મીડિયા સંસ્થા પર ઇ-મેઇલ કરવામાં આવ્યો હતોઇ-મેઇલ મળ્યાના પાંચ જ મિનિટમાં અમદાવાદમાં બ્લાસ્ટ થયા હતા બ્લાસ્ટ માટે ટિફિન બોમ્બ, સ્કુટર અને કારનો ઉપયોગ થયો હતો અમદાવાદમાં હાટકેશ્વર સર્કલ પર બજારમાં મોટો બ્લાસ્ટ થયો હતો અમદાવાદ સિવિલ અને એલજી હોસ્પિટલને પણ નિશાન બનાવી હતી છ્રૂજી બસમાં પણ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો બ્લાસ્ટમાં આરોપીઓને અલગ પ્રકારની મોડ્સ ઓપરેન્ડી અપનાવી હતી ત્રાસવાદીઓએ ઈજાગ્રસ્તને ટાર્ગેટ કરવા હોસ્પિટલમાં બ્લાસ્ટ કર્યો હતો અમદાવાદ સિવિલમાં સૌથી મોટો બ્લાસ્ટ થયો હતો.જેમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. પહેલો બ્લાસ્ટ સિવિલ હોસ્પીટલના ટ્રોમાં સેન્ટર માં થયો હતો.આ સમાચાર સાંભળતા જ અનેક સેવાભાવી લોકો સેવા માટે સિવિલમાં દોડી ગયા હતા.પણ આ સેવાભાવી લોકો માટે આ સેવા અંતિમ સેવા બની રહી હતી.શહેરના અસારવા વિસ્તારમાં રહેતા પટેલ પરિવારના જસવંત પટેલ સેવા કરવા ગયા અને ત્યાં જ તેમણે પોતાનો જીવ ગુમાવ્યો. અમદાવાદમાં ક્યાં થયા હતા બ્લાસ્ટ? હાટકેશ્વર સર્કલ બાપુનગર,ઠક્કરબાપાનગર,જવાહર ચોક,સિવિલ હોસ્પિટલ,એલજી હોસ્પિટલ, મણિનગર, ખાડિયા,રાયપુર, સારંગપુર, ગોવિંદવાડી,ઇસનપુર, નારોલ,સરખેજધડાધડ બ્લાસ્ટથી ધ્રુજી ઉઠ્યું હતું શહેર, અમદાવદા માં અલગ અલગ ૧૦થી વધુ સ્થળે બ્લાસ્ટ થયા હતા.જેમાં સિવિલ હોસ્પિટલ પણ બાકાત ન હતી.એલ.જી.હોસ્પિટલ અને સિવિલ હોસ્પીટલમાં થયેલા બ્લાસ્ટને કારણે દર્દીઓ હોસ્પીટલમાં સારવાર લેવા જવામાં પણ ડરતા હતા.તે સમયે અમદાવાદ સિવિલ હોસ્પીટલના સુપ્રીમટેન્ડ એમ.એમ.પ્રભાકરના હતા.અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ ૫૭ લોકોના થયા હતા મૃત્યુ ,૨૪૪ ઈજાગ્રસ્ત થયા હતા,૧૪ વર્ષે ચુકાદો,દોષિતોની સંખ્યા ૭૭,૧૧૬૩ સાક્ષીના ,વેદન લેવાયા,૫૨૧ આરોપીઓ સામે ચાર્જશીટ,૩,૪૭,૮૦૦ નિવેદન નોંધાયા,જયારે અમદાવાદ ધ્રુજી ઉઠ્યું ત્યારે અનેક પ્રત્યક્ષ દર્શીઓમાં એક હતા હાલના કેબિનેટ મંત્રી પ્રદીપ પરમાર.તેઓ પણ સેવા કરતા ઈજાગ્રસ્ત થયા હતા.ત્યારે તેમને એટલી ગંભીર ઈજાઓ થઈ હતી કે તેમને પગ કપાવવો પડે તેમ હતો.પરંતુ સદનસીબે તત્કાલિક સારવારને કારણે પગ બચી.પણ તેઓ લાંબો સમય સુધી પથારીવશ રહ્યા હતા. જેઓ ત્યારે પ્રદીપ પરમાર અસારવાના ધારાસભ્ય અને હાલ પોતે કેબિનેટ મંત્રી છે.

કાશ્મીરીબાપુનો સાધુ જીવંત કાળ



કાશ્મીરીબાપુ બ્રહ્મલીન થઈ ગયા તેનું પારાવાર દુઃખ થયું છે. ગિરનાર ક્ષેત્રના વર્તમાન સુપાત્ર સંતની ચિર વિદાયથી જાણે એક યુગ પૂરો થયો છે. ભવનાથમાં કોઈપણ યાત્રિક આવે અને કાશ્મીરી બાપુના આશ્રમે ન જાય તો યાત્રા અધુરી જ કહેવાય.

કાશ્મીરી બાપુ પાંચ હાથ પૂરા, હાડેતા અને પ્રભાવશાળી સંત હતા. તેમની પાસે બેસવા માત્રથી જ શાંતિ મળી જાય તેવું વ્યક્તિત્વ હતું. કાશ્મીરીબાપુ હિમાલય ક્ષેત્રમાંથી ગિરનાર પધાર્યા અને અહીં જ રહી પડ્યા. બાપુએ ગિરનાર ક્ષેત્રમાં પાજનાકા પાસે ખોડિયાર મંદિરે, દર્વેશ્વર પાછળ ટબૂડીવાવની જગ્યાએ, ગિરનાર પર ૩૦૦ પગથિયા પાસે, પ્રગટેશ્વર મંદિરે અને ઉપલા દાતારની નીચે આવેલી કલંદરી ગુફાએ તપશ્ચર્યા કરી. છેલ્લે, દાતારથી ઉગમણે આવેલા આમકુ બીટ વિસ્તારમાં બાપુએ અંતિમ સમય સુધી ભજન કર્યું. એક સમયે આમકુ બીટ વિસ્તારમાં આંબાનાં પુષ્કળ દેશી ઝાડ હતાં. સહુ પ્રથમ બાપુ અહીં આવ્યા ત્યારે તેઓ ઝરણાના કાંઠે આંબાના ઝાડ નીચે બેસતા. અહીં તેમણે ખોડિયાર માતાજીની સ્થાપના કરી હતી. આમકુ વિસ્તારમાં લંબે હનુમાનને આધીન બગીચાવાળા હનુમાન કે સૂર્યમુખી હનુમાનથી લઈને અસાયબા પીર સુધીની જગ્યામાં ઝરણાને બંને કાંઠે ઘણા સિદ્ધ મહાત્માઓ ભજન કરી ગયા છે. લંબે હનુમાનના મહંત ઉત્તમદાસજીએ બગીચા વાળા સૂર્યમુખી હનુમાનજીની સ્થાપના કરેલી. ત્યાંથી આગળ જમણે નદીકાંઠે એક બીજા નેપાળી બાપુ (ઘોડમુખાવાળા નહિ)નો ધૂણો હતો. તેની બાજુમાં જ શાપુરના સંત પાગલબાપુ કે ગધેડાવાળા બાપુની ઝુંપડી હતી. મોચા હનુમાનવાળા યુરોપિયન સંતોષગિરિ માતાજીએ અસાયબા પીરની સામેના જંગલમાં ભજન કર્યું. દરગાહની આથમણે ઝુંપડીમાં પુરણપુરી બાપુ રહેતા. દરગાહમાં દાખલ થતાં ડાબે હાથે ઓરડીમાં મૌની બાપુ રહેતા. ત્યાં બાજુમાં ઝરણાને કાંઠે મેર જ્ઞાતિના લીરબાઈ માતાજીની જગ્યા હતી ત્યાં એક ટોલાવાળાબાપુ થઈ ગયા. તેઓના આખા શરીર પર ટોલા ફરતા રહેતા. તેઓ કદી સ્નાન કરતા નહિ. શરીર પરથી ટોલાઓ ભૂલથી પણ નીચે પડી જાય તો પકડીને પાછા પોતાના શરીર પર મૂકી દેતા ! ત્યાં ઝરણું ઊતરતાં પહેલાં એક નારણભગતની સમાધિ આવે છે. તેઓ પણ ભજનાનંદી હતા. ધોરાજીવાળા તેજાભગતની જગ્યાના ભીડભંજનના પુજારી મહેશપુરીબાપુની સમાધિ પણ અહીં છે. આમકુમાં કેટલોક સમય કલંદરી ગુફાવાળા બનારસીદાસબાપુ પણ રહી ગયા છે જેમની સમાધિ પ્રગટેશ્વરમાં છે. આમકુની કાશ્મીરીબાપુની જગ્યામાં પણ આથમણે પટમાં ખોદકામ કરતાં કોઈ અનામી સંતની સમાધિ મળી આવેલી. ઝરણાને બંને કાંઠે જાંબુના પુષ્કળ ઝાડ ઊભાં છે ત્યાં આસપાસ ઘણા અનામી સંતોની સમાધિઓ હતી જે આજે લુપ્ત થઈ ગઈ છે.

સામાન્ય રીતે બાપુ ક્યારેય પોતાની જગ્યા છોડીને બહાર જતાં નહિ. પણ શરૂઆતમાં તેઓ વનસ્પતિ આધારિત દવા કરતા ત્યારે ક્યારેક ક્યારેક બહાર જતા. બાપુ મહિયારી ઘેડ વારંવાર જતા. પહેલાં બાપુનું શરીર સાવ એકવડું હતું અને કાળી કફની પહેરતા. પ્રારંભે જંગલ વિસ્તારમાં પોતાની નાની ઝૂંપડી હતી અને સાધારણ ધૂણો હતો. સેવકોના આગ્રહથી વર્તમાન મંદિર સંકુલ બાંધવામાં આવ્યું પરંતુ બાપુ પોતે તો પોતાની છાપરાવાળી સાદી જગ્યાએ જ રહ્યા. બાપુ પોતે નિરંજની અખાડાના દીક્ષિત હતા. નિરંજની અખાડાની એ વિશેષતા રહી છે કે વધુને વધુ સુશિક્ષિત સાધુઓ આ અખાડામાં જોવા મળે છે. સામાન્ય રીતે આ અખાડામાં સ્ત્રીઓને દીક્ષા આપવામાં આવતી નથી પરંતુ ફકીરી જીવન જીવતા લોક ગાયક પૂ.દયાળુ (બાબુભાઈ રાણપુરા)ના માતુશ્રી સદાનંદ સરસ્વતીએ પણ નિરંજની અખાડાની જ દીક્ષા ગ્રહણ કરી હતી. શ્રી તપોનિધિ પંચાયતી નિરંજની અખાડાની સ્થાપના તો બહુ પ્રાચીન સમયથી વિક્રમ સંવત ૯૬૦માં કચ્છ-માંડવીમાં થઈ હોવાનું મનાય છે, પરંતુ આ અખાડાનું રજિસ્ટ્રેશન તો ઈ.સ. ૧૯૦૨માં કરવામાં આવેલું. નિરંજની અખાડાની જ એક સ્વતંત્ર શાખા સ્વામી હીરાપુરીજીએ અમદાવાદના અસારવામાં કરેલી. નિરંજની અખાડાની પરંપરા પ્રમાણે શિષ્યના નામની પાછળ ગુરુનું નામ લગાડવામાં આવતું નથી પરંતુ 'નિરંજન દેવ' કે 'દેવ નિરંજન' લગાડવામાં આવતું હોય છે. કાર્તિકેયનું એક નામ પણ નિરંજન દેવ જ છે. નિરંજની અખાડાના ઈષ્ટદેવ કાર્તિક સ્વામી હોવાથી આ જગ્યામાં કાર્તિકેય સ્વામીનું મંદિર પણ છે. એ પ્રમાણે બાપુનું નામ ઓમકારપુરી નિરંજનદેવ હતું. આમ તો બાપુના દીક્ષાગુરુ મુલતાની મઢીના મહંત વરણપુરીજી મહારાજ હતા. જેમની સમાધિ ભવનાથના નિરંજની નીલકંઠ અખાડામાં આવેલી છે.

કાશ્મીરી બાપુને દાતારના મહંત પટેલ બાપુ સાથે ઘનિષ્ટ મિત્રતા હતી. તેઓ જંગલના આડા રસ્તે થઈને સીધા દાતાર પર પટેલ બાપુને મળવા જતા. બંને વચ્ચે દિવ્ય સત્સંગ થતો. દાતાર પ્રત્યેના અહોભાવને કારણે જ બાપુએ આમકુના શિવાલયનું નામ પણ દાતારેશ્વર રાખ્યું. પટેલબાપુના વખતથી દાતારની ગુફાની જ્યોત પણ અહી આમકુના મંદિરે લાવવામાં આવી હતી. આ અખંડ દીપક હજુ ચાલુ છે. દાતારની આવી જ એક જ્યોત અમદાવાદના ભદ્ર વિસ્તારમાં આવેલી હોટલ 'ચંદ્રવિલાસ'માં પણ લાવવામાં આવી છે. ઉપરાંત મહારાષ્ટ્રના એક દાતાર સેવકના ઘરે પણ આ જ્યોતનો અખંડ દીપક હજુ આજે પણ જલે છે.

કાશ્મીરીબાપુને કોઈ હિન્દુ-મુસ્લિમ ભેદભાવ ન્હોતા. બાપુ પોતે રમજાન માસમાં ૨૭મું હરણી રોજુ પણ રહેતા. ઉપલા દાતારની નોબતના અવાજ આમકુમાં પણ સંભળાય અને અહીં પણ આરતીનો ઘંટારવ ચાલુ થાય ! આમકુ જતાં આવતી અસાયબા પીરની દરગાહે દર શ્રાવણ મહિનાના પહેલા સોમવારે જલસો કરવામાં આવતો. આ દરગાહે કાશ્મીરીબાપુના એક કાકા ગુરુ મૌની બાપુ કરીને એક સુપાત્ર મહાત્મા થઈ ગયા. આ મહાત્મા સિદ્ધિ સંપન્ન હતા. તેઓ વર્ષો સુધી અસાયબા પીરની જગ્યાએ વડલાના ઝાડ નીચે આસન જમાવી બેસતા અને આજુબાજુના જંગલમાં વિચરણ કરતા રહેતા. તેઓને દિવસ-રાત, ટાઢ-તડકો કે વરસાદની કંઈ પડી ન્હોતી. તેઓ જંગલની અંદર સાવજ-દીપડા વચ્ચે પણ બેઠા હોય ! ઘણીવાર તેઓ કાશ્મીરી બાપુની જગ્યાએ જાય. બાપુ તેમને સારી રીતે સાચવે અને રોકી રાખે પણ મૌનીબાપુ અર્ધી રાત્રે પણ ગમે ત્યારે જગ્યામાંથી છટકી જાય ! આ પરમહંસ એવા મૌની બાપુની સમાધિ બોરડી સમઢિયાળાના રામાપીરના મંદિરમાં આવેલી છે.

વર્ષો પહેલા જૂનાગઢના બ્રહ્મક્ષત્રિય કુટુંબના દીકરી નલિની બહેન અહી કાશ્મીરીબાપુના આશ્રમમાં સેવામાં આવ્યા. તેમના પિતાજીનું નામ જેન્તીભાઈ દેસાઈ હતું અને માતુશ્રીનું નામ સરોજબહેન હતું. પૂ.માએ અહીં બાપુ પાસેથી સાધુજીવનની દીક્ષા લીધી અને નર્મદાપુરી નામ ધારણ કર્યું. તેઓ પહેલાં પુનિતબાપુના આશ્રમે ભજન કરતાં પણ દૈવવશાત અહીં આવી ગયા. માતાજી એકદમ રૂપાળાં અને ગૌરવર્ણ. જાણે યુરોપિયન જ જોઈ લો ! શ્વેત વસ્ત્રોમાં તો અત્યંત જાજરમાન લાગે. શરૂઆતમાં બાપુ તેઓને અહીં તેમની સાથે અને જંગલમાં રાખવા સંમત ન્હોતા પણ તેમની દ્રઢ શ્રદ્ધા અને તેમના વૈરાગ્યને કારણે તેઓને સંમતિ આપવી પડી. માતાજી નર્મદાપુરી એકદમ ઋજુ , કોમળ પ્રકૃતિના અને અત્યંત પ્રેમાળ. યાત્રિકોને ચોકલેટ આપે અને બધાને જ ચા-પાણી અને જમવાનું પૂછે. આજે માતાજીની વય પણ સુદીર્ઘ છે. આવા વિદુષી સન્નારીથી આશ્રમની શોભામાં અભિવૃદ્ધિ થઈ છે.

ઉદાસીન સંતોની માફક બાપુ કાળી કફની ધારણ કરતા. બાપુનું વ્યક્તિત્વ પ્રતાપી અને શાલીન હતું, પણ ગમે ત્યારે ગમે તે લોકોને તેઓ મળતા ન્હોતા. કેવળ અંગત સેવકો બાપુને વીંટળાઈ રહેતા. બાપુની તબિયત સારી રહેતી ત્યારે પણ સેવકો માત્ર ત્રીસ-ચાલીસ ફૂટ દૂરથી અમુક સેકંડો માટે જ બાપુના દર્શન કરાવતા ! બાપુ પણ માત્ર અને માત્ર નજીકના સેવકો સાથે જ વાત કરતા. તેઓ બહુ જ ઓછું બોલતા અને અજાણ્યા સાથે તો ભાગ્યે જ ક્યારેક બોલ્યા હશે અને એ પણ કોઈ નજીકના સેવકની ઓળખાણથી કે સંદર્ભથી ! તેઓ કદી કોઈને ઉપદેશ ન આપતા. તેઓ મૌન બેસી રહેતા અને ચિલમ પીતા. સમાજથી દૂરી રાખવાનું કારણ એ હોઈ શકે કે દરેકને જીવનમાં પોતપોતાની અંગત સમસ્યાઓ હોય જ છે. બાપુનું જીવન તો નિરપેક્ષ હતું. જગ્યામાં સેવકો કોઈને બેસવા ન દેતા પણ પ્રસાદ લેવાનો જરૂર આગ્રહ કરે અને પ્રસાદ લઈને ઊભા થઈએ કે સેવકો ' હવે જાવ જાવ ' કહેવા મંડે. અવશ્ય આ જગ્યા પિકનિક પોઈન્ટ તો નથી જ પણ સેવકોમાં દાતારની સૂફી પરંપરાના પ્રેમનો સર્વથા અભાવ લાગે. એકવાર હું બાપુના દર્શને ગયો હતો. થોડીવાર પછી લાઈનમાં મારો વારો આવી ગયો. દર્શન કરીને કૃતાર્થ થયો કે 'હવે જાવ જાવ ' થવા મંડ્યું ! સંતના આશ્રમે પાંચ મિનિટ પણ વિસામો લેવો એ જીવનનું સદ્ભાગ્ય કહેવાય છે. હું કેવડી મોટી શ્રધ્ધા લઈને ગયો હતો ! ઋષિકુલના છેલ્લા પ્રતિનિધિ એવા એક ગરવા ગિરનારી ઋષિને મળવા ગયો હતો પણ મારામાં પાંચ મિનિટ પણ બહાર ઓટલે બેસવા જેટલી લાયકાત ન્હોતી ! મારી આંખોમાં આંસુ આવી ગયા ! મારો રહ્યોસહ્યો અહંકાર પણ ઓગળી ગયો અને મને જે.કૃષ્ણમૂર્તિની માફક જ્ઞાન લાધી ગયું કે આપણે જાતે જ ભમ્મરિયા કૂવામાંથી બહાર નીકળવાનું છે !

રમેશાનંદ સરસ્વતિ

એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલના ભાવમાં નરમાઈ

કપાસ, મેન્થા તેલ, રબરમાં સાર્વત્રિક ઘટાડોઃ કોટન સુધર્યુઃ બુલડેક્સ વાયદામાં ૪૧ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૨૧૦ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૭૩ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૨,૯૨૯ સોદાઓમાં કુલ રૂ.૧૧,૬૮૩.૪૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૪૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૨૧૦ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૭૩ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૮,૪૩૨ સોદાઓમાં કુલ રૂ.૨,૪૪૮.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૪૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૫૩૫ અને નીચામાં રૂ.૪૮,૪૦૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ વધી રૂ.૪૮,૪૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫ વધી રૂ.૩૮,૭૯૩ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૪,૮૨૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૩૯૬ના ભાવે ખૂલી, રૂ.૩૩ વધી રૂ.૪૮,૩૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૫૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૭૪૪ અને નીચામાં રૂ.૬૨,૪૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૪ વધી રૂ.૬૨,૫૦૧ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૪ વધી રૂ.૬૨,૭૩૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૩૨ વધી રૂ.૬૨,૭૪૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૫૯૬ સોદાઓમાં રૂ.૨,૨૯૪.૨૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ વધી રૂ.૨૫૫.૫૦ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૦.૯૦ વધી રૂ.૩૦૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૭૫૫.૧૦ અને નિકલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૪.૪ વધી રૂ.૧,૭૪૩.૭૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૪૨૭ સોદાઓમાં કુલ રૂ.૨,૭૯૮.૮૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૯૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૧૩ અને નીચામાં રૂ.૬,૬૩૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૬,૬૪૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૪૦ ઘટી રૂ.૩૧૧.૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૪૨ સોદાઓમાં રૂ.૭૨.૮૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૨,૦૨૦ બોલાઈ રહ્યો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૭,૬૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭,૭૫૦ અને નીચામાં રૂ.૩૭,૬૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૦ વધી રૂ.૩૭,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૬૪૮ના ભાવે ખૂલી, રૂ.૩૭૮ ઘટી રૂ.૧૬૬૨૨ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૯૫૮.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૬,૮૧૮ સોદાઓમાં રૂ.૧,૨૬૬.૩૦ કરોડનાં ૨,૬૧૨.૧૦૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૧,૬૧૪ સોદાઓમાં કુલ રૂ.૧,૧૮૨.૫૫ કરોડનાં ૧૮૮.૪૦૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫,૫૬૮ સોદાઓમાં રૂ.૧,૬૫૫.૪૨ કરોડનાં ૨૪,૮૩,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦,૮૫૯ સોદાઓમાં રૂ.૧,૧૪૩.૪૦ કરોડનાં ૩,૬૪,૫૫,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૫૨૩ સોદાઓમાં રૂ.૬૪.૪૫ કરોડનાં ૧૭૦૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૯૩ સોદાઓમાં રૂ.૭.૧૮ કરોડનાં ૭૪.૮૮ ટન, રબરના વાયદાઓમાં ૧૮ સોદાઓમાં રૂ.૦.૩૨ કરોડનાં ૧૯ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૦૭૨.૧૭૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૧૩.૬૪૬ ટન, ક્રૂડ તેલમાં ૧૧૦૯૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૪૨૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૮૩૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૯૧.૩૨ ટન, રબરમાં ૬૭ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૧૬૩૨ સોદાઓમાં રૂ.૧૪૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૩૮૨ સોદાઓમાં રૂ.૩૦.૦૬ કરોડનાં ૪૨૩ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૯૭૮ સોદાઓમાં રૂ.૯૩.૬૭ કરોડનાં ૧,૦૧૭ લોટ્સ અને એનર્જીડ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ

NOG:SS:NO.:0101

નામઃ ભરત સાંગાણી

વિષયઃ વેલેન્ટાઇન ડે

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ કૃષ્ણ તું મારો વેલેન્ટાઇન

કૃષ્ણ તું મારો વેલેન્ટાઇન
માનવી સૌ સરખા તારે મન
તું આનંદ ઉછલિત દરિયો,
પ્રણયપાત્રો સ્વજન તારે મન
યૌવનનું રેશમી પાનેતર તું,
ઓઢે તે રાધા સૌ તારે મન
ના ભેદો તારી દુનિયામાં,
દુશ્મનો આપ્તજન તારે મન
મૈત્રીનું ઝરણું વહેતું રાખે,
વિષમતા સૌમ્યતા તારે મન

(રચનાઃભરત સાંગાણી)

N.O.G. S.S. No. 0102.

વિષયઃ- પ્રેમ સંબંધની દિવાલ પર ચણતર પ્લાસ્ટર માં હસ્તાક્ષર.

પ્રકારઃ- ગદ્ય. (મૌલિક વાર્તા.)

શીર્ષક :- પસ્તાવો.

અશોકે એન્જીનિયરીંગનું શિક્ષણ પૂરું કરી લીધું અને તેને એક સારી સરકારી નોકરી મળી ગઈ. તેના લગ્ન એમ.બી.એ .પાસ થયેલી મનીષા નામની કન્યાની સાથે થઈ ગયા. મનીષાના પિતા પણ એક સરકારી સારી નોકરી કરતા હતા. સમૃદ્ધ ઘર હતું. લગ્ન પણ એકબીજાની પસંદગી થયેલા.

બંનેનું સુંદર દાંપત્યજીવન હતું. પાંચેક વરસ માં તેને ત્યાં પુત્ર અને પુત્રીનો જન્મ થયો હતો.

મનીષાને એમ થયું કે છોકરાઓ થોડા મોટા થયા છે અને શિક્ષણ પણ છે તો ક્યાંક નોકરી કરું
અને તેને એક ઓફિસની અંદર નોકરી મળી ગઈ.

મનીષાની સુંદરતા ,કામ ની ચતુરાઈ ,શિક્ષણ વગેરે ને કારણે તે બોસની માનીતી બની ગઈ. ધીરે ધીરે બોસે તેની સાથે સંબંધો વિકસાવ્યા .મનીષા એ પણ લગ્ન જીવનને નેવે મૂકી અને બોસ ની સાથે શારીરિક સંબંધ વધાર્યા. આવું બધું કરવાને કારણે તેની આવકમાં અનેક ગણો વધારો થયો અને વધારે વૈભવી જીવન જીવવા લાગ્યા. મનીષા ચાલાકીથી આ બાબતની અશોકને જાણ થવા દીધી ન હતી, પરંતુ તેનું ઘર તરફનું વલણ ઘણું બધું શુષ્ક બની ગયું હતું.
અવાર નવાર બંને વચ્ચે ઝઘડાઓ પણ થતા.

બોસે ધીરે ધીરે મનીષા તરફ જાળ બિછાવી. પોતાની સાથે તેને જુદા જુદા શહેરોમાં કામ હોય તે બહાને ત્રણ ચાર દિવસ સુધી બહાર હોટલોમાં લઈ જતો અને તેઓ બંને આનંદ કરતા હતા.

અશોકે આવી બાબતમાં વાંધો ઉઠાવ્યો ,ત્યારે મનીષા એ જણાવ્યું કે આ તો કામ નો એક ભાગ છે. મારે બહાર જઈ અને આ બધું કરવું એ બહુ જરૂરી છે.

ધીરે-ધીરે બોસ પોતાના અન્ય મિત્રો અને પોતાના ક્લાઈન્ટને મનીષાની સાથે સાથે શારીરિક સંબંધો બાંધવા માટે મજબૂર કરી .જોકે તેનું ઘણું બધું વળતર મનીષાને મળતું હતું અને મનીષા ને પણ આ બધું પોષાતું હતું .એટલું જ નહીં પણ બોસ હવે તેના ઘરે પહોચી રહ્યો હતો. મનીષા અને અશોક વચ્ચે મોટો ઝઘડો થયો અને મનીષાએ અશોકને જણાવ્યું હવે આપણી સાથે સારા સંબંધો રહ્યા નથી હું તને છોડવા માગું છું . એમ કહી અને બંને છોકરાઓને છોડી અને પોતે બોસને સાથે રહેવા ચાલી ગઈ.

હવે અશોક માટે નોકરી કરવી બંને બાળકોનું ધ્યાન રાખો આ બધું બહુ મુશ્કેલ બની ગયું હતું તેણે પોતાની એક વિધવા બેન ને ઘરે બોલાવી અને બાળકોને ધ્યાન રાખે તેવું જણાવ્યું અને આ રીતે પોતે જીવન ગુજારવા લાગ્યો. મનીષા ના પિતા અને અન્ય સગા-સંબંધીઓને આ બાબતની જાણ કરી પરંતુ સૌ લોકોએ આ બાબતમાં પડવાની લાચારી બતાવો.

પાંચેક વરસનો સમય આ રીતે વીતી ગયો. એવામાં બોસનું અકસ્માતે મૃત્યુ થયું ,અને મનીષાની સ્થિતિ કફોડી થઇ ગઇ .તેની આવક પણ ગઈ પોતે પણ રોગ ગ્રસ્ત બની ગઈ. તેને પસ્તાવાનો કોઈ પાર ન રહ્યો.

બીજી બાજુ બંને છોકરાઓની પણ તબિયત લથડી .તેના સમાચાર મળતાં મનીષા અશોક ને મળવા આવી અને પોતાની હકીકત જણાવી પોતાને ખૂબ પસ્તાવો થયો છે ,દુઃખ થયું છે, છોકરા તરફનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો, વગેરેના કારણે અશોકે ફરી પાછી તેનો સ્વીકાર કરી લીધો . ગઈ ગુજરી ભૂલી જઈ અને બંને હવે પોતાનું નવું જીવન જીવવા લાગ્યા.
વવ

બાહેંધારીઃ-આ મારી સ્વરચિત રચના અને અપ્રકાશિત છે.

રતીલાલ વાયડા.,નવી મુંબઈ.

NOG. SS: No : 0089

પ્રકાર : ગદ્ય

વિષયઃ વેલેંટાઇન ડે

શીર્ષક : પ્રેમ યુગલ

રેખા શુક્લ- અમેરિકા

ઉડ ઉડ પત્ર ઉતાવળો , જા પ્રેમીની પાસ
પ્રત્યુત્તર લઇ આવજે ,નહીંતર થઇશ હું ઉદાસ
— રશ્મિ

કોલેજમાં ચાર નજર મળી ને હૈયું બહાર આવી જશે કે ? લીબુના ફાડ જેવી મોટી મોટી આંખો હસતા ચહેરે મર્દ મૂંછાળો બેલબોટમ પેંટ પહેરેલો ડોલતો આવે તો બધી જ છોકરીઓનું ધ્યાન તુષાર પર જ જાય સ્વાભાવિક છે.
ઉપર ગ્લાસ કરી પાણી પીતા રંગીલી રશ્મિ બોલી નહીં પણ તુષારને જાણી જોઇને નજર અંદાજ કર્યો પણ હોઠ તો બોલવા તૈયાર જ હતા કે હાય હાય હીરો તું તો ગયો.
બીજા દિવસે અચાનક લાલ દવા લમણે લગાડી ઉપર પાટો બાંધી તુષાર જેવો પ્રવેશ્યો કે રશ્મિ બોલી પડી હાય હાય શું થયું ? સહાનુભૂતિ જ જોઈતી હતી ને મળી ગઇ. વાત વાતમાં હૈયું એકમેકને દઇ દીધું. હવે એકબીજાને રાહ જોવી ગમતી નથી એક બીજા વગર ગમતું નથી. રોઝ ડે આવ્યો ને રશ્મિને રેડ રોઝ આપતા તુષાર એની એકદમ નજીક ગયો ને બોલ્યો : વીલ યુ બી માય વેલેંટાઇન ?
પછી પત્ર વ્યવહારને મુલાકાતો ના અંતે એકબીજાના તનમન એક થવા આતુર હતા લગ્ન કર્યે જ છૂટકો. પ્રેમ આંધળો છે પ્રેમ પાંગળો છે પણ પ્રેમ જ જીવન છે.
મધ્યયુગ સુધી લોકોને એ વિશ્વાસ હતો કે વેલેંટાઈન દિવસની સવારે સૌ પ્રથમ જે કોઈ વિપરિત સેક્સવાળા અવિવાહિત
વ્યક્તિ સાથે તમારી મુલાકાત થશે એ જ તમારો સાચો જીવનસાથી બનશે. આવી વસંત રૂતુ મસ્તાની થઇ પવન દિવાની. ઉપરથી થનગનતી યુવાની પ્રેમ યુગલ પરણ્યા વહાલમાં. ૧૪ ફેબ્રુઆરી હંમેશ પ્રેમી ઓના ભાવી માટે જવાબદાર રહી છે. કામદેવ પણ વેલેંટાઈન દિવસનુ એક પ્રતિક છે. આ પ્રેમ અને સૌદર્યના દેવતા શુક્રના પુત્ર હતા. વેલેંટાઈન ગ્રીટિગ કાર્ડસ પર મોટાભાગે કામદેવ પોતાના હાથમાં એક ધનુષ અને બાણ સાથે જોવા મળે છે. કારણ કે તેઓ પ્રેમની ભાવનાઓથી પ્રેરાવવા માટે જાદુઈ તીરનો પ્રયોગ કરવામાં વિશ્વાસ રાખતા હતા.વસંતોત્સવ ના મનભાવન નૃત્ય માં પ્રેમ ના ફૂટે અંકુર. ચોતરફ પ્રણય પ્રકૃતિ સૌંદર્ય માં ભળે. હવે આ દિવસે પ્રેમ નો એકરાર કરવામાં દેખાય છે રંગ બેરંગી ફૂલોના ગુલદસ્તાઓ ની આપલે કરાય છે. દિલ આકાર ના ફુગ્ગા ગુલાબ સાથે ચોકલેટ આપવામાં આવે છે. સૌનો દિવસ ખુશાલીમાં પસાર થાય તે જ શુભેરછા સાથે હેપપી વેલેંટાઇન ડે !!

રેખા શુક્લ

NOG. SS: No : 0032

પ્રકાર : પદ્ય

વિષયઃ વેલેન્ટાઈન ડે

શીર્ષક : નિસ્વાર્થ પ્રેમ

શ્વાસ લઈ ને જીવું છું,
પણ, તારા શ્વાસમાં જીવવા માંગું છું.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ, મારો પ્રેમ હૃદયથી નિભાવવા માંગું છું.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ, મારો પ્રેમ મજબૂત બનાવવા માંગું છુ.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ, મારા હૃદય ને તારા ધબકારા બનાવવા માંગું છું.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ, હંમેશા તારા નિસ્વાર્થ પ્રેમમાં જીવવા માંગું છુ.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ,તારા નિસ્વાર્થ પ્રેમનું ઝરણું બનવા માંગું છુ.
શ્વાસ લઈ ને જીવું છું,
પણ,તારા પ્રેમમાં હંમેશા વેલેન્ટાઈન ડે માંગું છું.
શ્વાસ લઈ ને જીવું છુ,
પણ,સાત સાત જન્મો તારી થઈ જીવવા માંગું છુ.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

NOG NO 109

વિષયઃ-પત્રવ્યવહારની યાદો.

શિર્ષક - :જવાબ મારા પત્રનો :-

રાહ જોઈ રે'તો આવશે જવાબ મારા પત્રનો,
કેમ છો?મજામા છું,હશે જવાબ મારા પત્રનો.
બેઠો હોઉં મીણ જેમ પીગળતો આગમાં,
નથી રેડી દે ઘી ધીંખશે ખ્વાબ મારા છત્રનો.
મારા કદને વધારતા કેટલા વર્ષો વેડફ્યા,
નાનો થતો ગ્યો આશે રુંવાબ મારા ગોત્રનો.
આવતી જતી હવા ગૂંજયા કરે પોંકાર ભરી,
ના રહ્યો અમન કશે પ્રતાબ મારા અન્યત્રનો.
રહી આંખ સૂરજ ઉગતા એ દિશા મંડી પડે,
સાંજ ખાલિપો દેશે જવાબ મારા પત્રનો.
શ્વાસ અધ્ધર ફરે પડઘા વચ્ચે અથડાઈ,
પછડાઈ રહ્યો તરશે નવાબ ખરા તંત્રનો.
વિશ્વાસ ઘટ કરી બમણો જુવો વાવી રહ્યો,
કાલ શબ્દો ફૂંટી આપશે જવાબ મારા પત્રનો.

બાબુ સંગાડા...મહેક , હાલોલ પંચમહાલ

લગ્ન વિધિની સમજણ

લગ્ન પ્રસંગે થતી વિવિધ વિધિઓ આપણે નિહાળીયે છીએ પણ તે બધાનો શું અર્થ હોય છે તે જાણવું પણ જરૂરી છે.વરરાજા જ્યારે પરણવા આવે ત્યારે તેમને પોંખવામાં આવે છે.આ વખતે લાકડાના બનાવેલો નાનો રવઈયો,મુશળ ઘુસરી,તરાક વરરાજાના માથેથી ઉતારે છે અને પગથી કોડિયું ભંગાવી પ્રવેશ કરાવે છે આનો શું હેતુ છે? શું રહસ્ય છે? તેમજ બીજી વિધિઓનો શું અર્થ હોય છે? તે વિશે વિચાર કરીએ.

બે વિજાતિય દેહનું જોડાણ તેનું નામ લગ્ન પણ તેનો ખરો અર્થ તો એવો છે કે બે દેહ દ્વારા બે મન એક કરવા,એનાથી પ્રેમ પ્રગટે,આત્મિયતા વધે અને અંદરના આંતરિક સૌંદર્યને જોઈ સુખનો અનુભવ થાય એ જ ખરૂં લગ્ન છે.

વરઘોડોઃઈન્દ્રિયોના ઘોડાને અંકુશમાં રાખવા માટેની ચેતવણીનું આ પ્રથમ પગલું છે.

પોંખણુંઃવરરાજા પરણવા આવે ત્યારે તેમને લાકડાના બનાવેલા નાના રવઈયો,મુશળ,ઘુંસરી અને તરાકથી સાસુ પોંખે છે તેનો અર્થ જોઈએ.

રવઈયોઃમાખણ કાઢવા માટે જેમ દહીંને રવૈયાથી વલોવવામાં આવે તેમ જીવનને પ્રેમમય બનાવવા માટે મનના તરંગોનું મંથન કરીને પ્રેમનું દોહન કરવા જણાવે છે. મુશળઃઅતિ વાસનાઓને મુશળ (સાંબેલા)થી ખાંડી નાખી પ્રેમ પ્રગટાવવાનો છે. ઘુંસરીઃસંસાર રૂપી રથને પતિ પત્ની રૂપી બે ચાલકો છે,આ બંને ચાલકો શીલ અને સંયમના ચીલામાં સમાંતર રૂપે ચાલીને જીવન રથને સહકાર અને પ્રેમથી ખેંચે તો જ સુખી થવાય છે તેમ કહેવા માગે છે. તરાકઃલગ્ન જીવન રેટિંયા જેવું છે.પતિ પત્ની રૂપી બે ચક્રને પ્રેમની દોરી વડે આ તરાક (ચાક)ને બંધાયેલા અને ફરતા રાખે તો જ સ્નેહ રૂપી સુતર નીકળે એમ કહેવાનો ભાવ છે.આમ પોંખવા આવનાર સાસુ વરને માંયરામાં આવતા પહેલા સાવધાન કરે છે એનો જવાબ વર સંપૂટ તોડીને આપે છે.

સંપુટઃવરને પોંખી લીધા પછી બે કોડિયાના સંપુટને પગ તળે ભાંગીને વર માંયરામાં પ્રવેશે છે.આનાથી વર એમ કહેવા માંગે છે કે તમારી ચેતવણી હું સમજ્યો છું પણ મારા એકલાની આશા,ઈચ્છા,અરમાનો પર હું હવે નહિ ચાલું,એનો અહિં ભાંગીને ભુક્કો કરૂં છું હવેથી અમારા બંનેની આશા,ઈચ્છા અને અરમાનો એક હશે તે પ્રમાણે જ જીવન યાત્રા કરીશું. વરમાળાઃફુલના હારથી વરકન્યા અરસ પરસનું સ્વાગત કરે છે પણ ગોરબાપા સુતરની એક આંટી બંનેના ગળામાં પહેરાવે છે.આમ એક જ હારથી બંનેના હૈયા એક કરવાનો પ્રયાસ છે.

હસ્તમેળાપઃલગ્ન વિધિનું આ મુખ્ય અંગ છે.પોતાની પુત્રીનો હાથ મા-બાપ વરરાજાને સોંપે છે અને વરરાજા તેનો સ્વીકાર (ગ્રહણ) કરે છે.આ વિધિને પાણિગ્રહણ પણ કહે છે અને એથી થતો હસ્તમેળાપ હૈયા મેળાપ બની જાય છે.આ વિધિથી વરઘોડિયાના દેહમાં ઝણઝણાટી જાગે છે અને હૈયામાં આત્મીયતા પ્રગટે છે.સાથો સાથ જાનૈયા માંડવિયાના મન પણ આનંદ અને ઉલ્લાસથી નાચી ઉઠે છે. મંગળ ફેરાઃલગ્નના ચાર ફેરા એ ચાર પુરૂષાર્થના ફેરા છેઃધર્મ,અર્થ,કામ અને મોક્ષ.. એ ધર્મ શાસ્ત્રોનું પણ ચિંતન છે.ચાર ફેરા ફરવામાં પ્રથમના ત્રણ ફેરામાં પુરૂષ આગળ હોય છે અને ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે.આમ કેમ? પ્રથમ ત્રણ ફેરાના ત્રણ પુરૂષાર્થઃ

(૧) ધર્મ-ધર્મ પાળવો અને પળાવવો.

(૨) અર્થ-ગૃહસ્થ જીવન ચલાવવા ધન કમાવું.

(૩) કામ-લગ્ન જીવનના સંયમપૂર્વકના હક્કો.આ ત્રણેમાં પુરૂષ આગળ હોય છે અને તેને પત્ની અનુસરે છે.થોડાં વિસ્તારથી સમજીએ તો

(૧) ધર્મઃ સ્ત્રીના પિયરમાં ગમે તે ધર્મ પળાતો હોય પણ પરણ્યા પછી પતિ જે ધર્મ પાળતો હોય તેને જ સ્ત્રી અનુસરે છે અને બીજા ધર્મો,પતિ પ્રત્યેના ધર્મો,કુટુંબ પ્રત્યેના ધર્મો, ઘરના વડીલો પ્રત્યેના ધર્મો,સંતાનો પ્રત્યેના ધર્મો,સગાં સબંધી અને સમાજ પ્રત્યેના ધર્મો.. વિગેરે ધર્મો પણ પતિની મરજી અનુસાર પાળવાના છે.

(૨)અર્થ-પતિ કમાઈને પૈસા લાવે તેનાથી ઘરનું, કુટુંબનું પોષણ કરે છે.સ્ત્રી લક્ષ્મી કહેવાય છે.ઘરની લક્ષ્મી પણ આપણે કહીએ છીએ.

(૩)કામઃ સ્ત્રી એ લજ્જાનું પ્રતિક છે.લગ્ન જીવન માટે વંશવૃધ્ધિ માટે એ હંમેશા પતિની પાછળ જ રહે છે. આ ત્રણેય ધર્મ,અર્થ અને કામ એ પતિ પત્નીની ઈચ્છાનુસાર થઈ શક્તા પુરૂષાર્થો છે.જ્યારે ચોથો ફેરો

(૪)મોક્ષ.. એ કોઈની ઈચ્છાનુસાર મળતો નથી,એ તો ધર્મોના નિયમ પાલન અને સેવા સુશ્રુષાથી જ મળે છે અને એમાં સ્ત્રી હંમેશા આગળ હોય છે.સહનશક્તિ,સદાચાર,શીલ વગેરે..ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે.પતિ,સાસુ,સસરા,વડીલો પ્રત્યેનો આદર સેવા,સમભાવ,નોકરો,ગરીબો પ્રત્યે કરૂણા તથા સંતાનો પ્રત્યે સમતા-મમતા આ બધા ગુણોનો સમન્વય એટલે સ્ત્રી અને એથી જ એના આવા ગુણોને લીધે જ તે મોક્ષના માર્ગ પર પુરૂષ કરતા આગળ છે અને એટલે જ લગ્નના ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે.

મંગલાષ્ટકઃલગ્નવિધિ પૂરો થતાં બ્રાહ્મણ નવદંપતિને આશિર્વાદ આપતા શ્લોકો બોલે છે અને આઠ અષ્ટકો દ્વારા તેમનું દાંપત્ય જીવન સરળ,સફળ અને પ્રસન્ન નિવડે એવી મંગળ કામનાઓનો આર્શિવાદ આપે છે.

રામ દીવડોઃ કન્યા વિદાય વખતે કન્યાની માતા પ્રગટાવેલ દીવડો હાથમાં લઈને વિદાય આપવા આવે છે આનાથી એ એમ કહેવા માંગે છે કે હે દીકરી ! તેં તારી સેવા,સુશ્રુષા અને સદગુણોથી જેમ તારા પિતાનું ઘર અજવાળ્યું છે તેમ તું તે સંસ્કારોથી તારા પતિના ઘરને પણ અજવાળજે.

મા માટલુંઃ માતાનો પ્રેમ,માતાની મમતા,માતાનો જીવ અજોડ છે.તેના સાગર જેવડા પ્રેમ અને શુભેચ્છાઓના પ્રતિક રૂપે ધન, ધાન્ય, ફળ, મેવા, મિઠાઈને માટલામાં ભરે છે.આમાં ધન એટલે લક્ષ્મી સ્વરૂપે સવા રૂપિયો, ધાન્યના પ્રતિક રૂપે મગ,ફળના પ્રતિક રૂપે સોપારી,મેવાના પ્રતિક રૂપે ખારેક અને મિઠાઈના પ્રતિક રૂપે સુખડી અને તે સિવાય ઘણી મીઠાઈઓ વિગેરે પણ મુકાય છે.રિધ્ધિ સિધ્ધિના પ્રતિક રૂપે નાની મોટી શુકનવંતી ચીજો શુભ ચોઘડિયે ભરવામાં આવે છે અને દીકરીને ઘેર સદાય લીલા લહેર રહે તેવી શુભ કામનાના પ્રતિક રૂપે મા માટલાનું મોઢું ઢાંકવાનું વસ્ત્ર લીલા રંગનું હોય છે અને સગાંના સંબંધો કાચા સુતરના તાંતણા જેવા હોય છે તે સહનશિલતાથી સઙ્ગનતાથી અને સુવ્યવહારથી અતુટ રહે અને વ્યવહારના કામો સાંગોપાંગ પાર ઉતરે એના પ્રતિક રૂપે કાચા સુતરનો દડો મા માટલા ઉપર મુકવામાં આવે છે..સમપદીના શ્રલોકો બ્રાહ્મણ બોલતા હોય છે એના દ્વારા વર કન્યા અરસપરસ સાત પ્રતિજ્ઞાઓ લે છે અને એક બીજાને વફાદાર તેમજ સહાયભૂત થવાના વચન અપાય છે તે આવતા લેખમાં જોઇશું..

વિનોદભાઇ માછી
નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

વિજળી ક્ષેત્રે સોલારનું ભવિષ્ય અને રોકાણનાં લાભ

સૂર્યશક્તિ અને પવનનો ઉપયોગ કરીને પેટ્રોલ,ડીઝલ,કોલસાની બચત કરી વાતાવરણ અને પર્યાવરણને બચાવીએ

હાલમાં દેશમાં અલગ અલગ પ્રકારે વીજળી ઉત્પાદન વધારવાનાં પ્રયાસો થઈ રહ્યાં છે. વીજળી ઉત્પાદન ક્ષેત્રે દેશને હજુ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. હાલ દેશમાં લગભગ ૫૪ટકા જેટલું ઉત્પાદન કોલ આધારિત થાય છે, ૬.૨૫ટકા ગેસ આધારિત તેમજ ૧.૭૫ ટકા ન્યૂક્લિયર આધારીત વીજળીનું ઉત્પાદન થાય છે. જેના હિસાબે હવા, પાણી અને વાતાવરણ બગડે છે અને તેથી માનવજીવન અને પશુ, પક્ષીઓને મોટું નુકસાન થાય છે. નવીનીકરણ ઉર્જા આધારિત હાઇડ્રો, વિન્ડ તેમજ સોલાર મળીને કુલ ૩૭ટકા જેટલું ઉત્પાદન થાય છે. આ કારણે દુનિયામાં વધેલા પ્રદુષણથી ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિ પેદા થઈ. આખી દુનિયાનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. જેને વધવા ન દેવાના આશયથી દુનિયાનાં દેશોએ ક્લાઈમેટ ચેન્જ પ્રોગ્રામ બનાવ્યો જે અન્વયે કોલ આધારિત વીજળી મથકોને ધીરે ધીરે નામશેષ કરવાનું નક્કી કરવામાં આવ્યું. ભારત માટે આ પ્રોગ્રામ અન્વયે બે ચેલેન્જ આવી પડી. ભારત વિકાસશીલ દેશમાં ગણાય જેથી વીજળીનું ઉત્પાદન વધારવાનું અને કોલ આધારિત વીજળી મથકો નામશેષ કરવાનાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવીનીકરણ ઉર્જાનાં વપરાશ માટે દુનિયામાં અગ્રણી કદમો ઉઠાવવા પ્રયાસ કર્યો છે. ૨૦૧૦ માં ૧૭૫ ગીગાવોટ ના નક્કી કરવામાં આવેલા લક્ષ્યાંકને ૨૦૧૫ માં ૪૦૦ ગીગાવોટ કરવામાં આવ્યું. જેમાં સોલાર થર્મલ, સોલાર ફોટોવોલેટિક, અને વિન્ડ પાવર પ્રોજેકટને પ્રાધાન્ય અપાશે. દેશમાં અરુણાચલ અને કચ્છ વચ્ચે બે કલાકનો સૂર્યપ્રકાશનાં સમયનો ફર્ક છે. અરુણાચલમાં સૂર્યોદય થયાં પછી બે કલાક મોડો સૂર્યોદય થાય તેમ સૂર્યાસ્ત પણ બે કલાકનાં અંતરમાં થાય. એવીજ રીતે વિયેતનામથી આફ્રિકાનાં મોરોક્કો વચ્ચે ૭ કલાકનાં સમયનો ફર્ક છે. આવા ભૌગોલિક ફર્કમાં દેશમાં સેન્ટ્રલ ગ્રીડ અને વૈશ્વિક ગ્રીડ સૌર ઊર્જા મોટો લાભ આપી શકે તેમ છે. ઉદ્યોગોને પોતાના સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવામાં જો થોડી છૂટછાટો આપી સેન્ટ્રલ ગ્રીડનો લાભ આપવામાં આવે તો સરકારનું વીજ ઉદ્યોગો પાછળનું રોકાણ ઘટે અને ઉદ્યોગોને સસ્તી વીજળી મળવાના કારણે ભારતીય ઉત્પાદનો ની ઉત્પાદન કોસ્ટ ઘટે જેથી ગ્લોબલ માર્કેટમાં આસાનીથી ટકી શકાય.

એક ડિસ્કોમથી બીજી ડિસ્કોમ કે આંતરરાજ્ય નેશનલ ગ્રીડનાં ઉપયોગ માટે ઉદ્યોગોને ઘણી કાઠીનાઈ સાથે હેવી ચાર્જીસ ચૂકવવા પડે છે, જેનો ઉદ્યોગકારોને મોટો માર પડે છે. વિન્ડ અને સૌર ઊર્જા માટે સેન્ટ્રલ ગ્રીડનાં ઉપયોગને થોડી છૂટછાટો સાથે સરકાર વધુ સરળ બનાવે તે જરૂરી છે, જેથી સરકારી તિજોરી ઉપરનું ભારણ ઘટે અને ઉદ્યોગોનાં રોકાણને કારણે આંશિક વીજ સ્વતંત્રતા મળે તેમજ ઉદ્યોગોને વધું નફાકારક બનાવી વધું રોજગારી આપી શકાય. દેશનાં મોટા મોટા તળાવો ઉપર સોલાર પાર્ક સ્થાપીને ખેતી લાયક જમીનો બચાવી શકાય. ગ્રાઉન્ડ માઉન્ટેડ પ્રોજેક્ટો માં એલિવેટેડ ૬૦૦ થી ૭૦૦ ઘ્ઁ બાઈફેસિયલ મોડ્યુલના ફરજીયાત વપરાશ સાથે ઓછી જમીન ઉપર પ્રોજેકટ થઈ શકે. સોલર પ્રોજેકટ તળે નાના ઔષધીય તેમજ ફૂલોના બગીચા બનાવી શકાય. સોલારમાં રોકાણ માટે સરકાર ઉદ્યોગોને પ્રથમ વર્ષે ૪૦ ૨૦ ગણીને કુલ ૬૦% લેખે ડેપ્રિસિયેશનનો લાભ આપે છે. બીજા વર્ષથી ૪૦% લાભ મળે છે. સોલાર પ્રોજેકટ માટે બેંકમાંથી ૮૦% લોન પણ આસાનીથી મળી રહે છે. સોલારમાં કરેલ રોકાણ ઉદ્યોગોને ૩ થી ૪ વર્ષમાં જ સબસીડી કે સરકારી મદદ વગર વળતર આપી દે છે. સોલારમાં કરેલું રોકાણ દર વર્ષે વધું નફો રળી આપવાનો એક સ્રોત બની જાય છે. તેવીજ રીતે ઘરેલું ઉપયોગમાં સોલાર પાવર પ્રોજેકટમાં કરેલું રોકાણ વીજળી ના બિલ ભરવાની ઝંઝટમાંથી મુક્તિ આપે છે. આવનાર સમયમાં વીજળીથી ચાલતાં સ્કુટર્સ, મોટરસાયકલ, કાર, ટ્રક, બસ વિગેરે આવવાનાં કારણે વીજળી ની ખપત વધી જશે. છેલ્લે ૨૦૧૯માં થયેલ સર્વે પ્રમાણે માથાદીઠ સરેરાશ વીજ વપરાશ લગભગ ૧૨૦૦ યુનિટ છે જે ૨૦૩૦ સુધીના સમયમાં ૨૦૦૦ યુનિટ થઈ શકે છે.

સરકાર ૨૦૩૦ સુધીમાં નવીનીકરણ ઉર્જા પ્રોગ્રામ અન્વયે ૪૦૦ ગીગાવોટ વીજ ઉત્પાદનનું લક્ષ્યાંક રાખે છે. હાલમાં દેશમાં આવતું વિદેશી રોકાણ અને સરકારના નવા ઉદ્યોગોની સ્થાપના માટે નવા રોકાણો માટે ઉત્સાહ જનક પગલાં, જુના ઉદ્યોગોનાં વિસ્તરણ, બુલેટ ટ્રેન, નવી ટ્રેનો ની લાઈનો, ઉત્તરપૂર્વ સુધી રેલવે લાઈન, ઉત્તરાખંડમાં નવી રેલવે લાઈન, એક્સપ્રેસવે ઉપર રેલવે ની જેમ જ ટ્રકો અને બસો માટે ઈલેક્ટ્રિક લાઈન તેમજ જુના વાહનોનું ઈલેક્ટ્રિક રૂપાંતરણ વિગેરે જોતાં આવનાર ૧૦ વર્ષમાં સરકારનું ૪૦૦ ગીગાવોટનું લક્ષ્યાંક પણ ઓછું પડી શકે છે. વિન્ડ અને સૌર ઊર્જા તેનો સરળ અને ઉચિત ઉપાય છે. જેમાં સરકારે ગ્રીડ સિવાય રોકાણ કરવાનું રહેતું નથી. સરકારે ઉદ્યોગો માટે થોડી નિયમો માં છૂટછાટો અપાવી અનિવાર્ય થશે. સૌર ઉર્જાના ક્ષેત્રમાં મોડ્યુલ અને ઇનવટર્રમાં દેશમાં ચીનની સરખામણીએ શંશોધન માં કે ઉત્પાદનમાં આપણે ઘણા પાછળ છીએ. આખા દેશની સોલાર મોડ્યુલ કંપનીઓના સંયુક્ત ઉત્પાદન કરતાં પણ વધું ઉત્પાદન ચીનની અમુક એક એક કંપનીઓ કરે છે. હાલ દેશમાં રિલાયન્સ અને અદાણીએ મોટા રોકાણો ની જાહેરાત કરી છે અને તે પ્રમાણે વિસ્તરણ અને રિલાયન્સ કંપનીએ દુનિયાની અમુક કંપનીઓ હસ્તગત કરી છે છતાંય દેશની સ્થિતિ એ છે કે આપણે સિલિકોન પ્રોસેસ કરીને સોલાર સેલ માટે ઈંગોટ કે વેફર્સ બનાવી નથી શકતાં જેના માટે ચીન, તાઈવાન જેવા દેશોને આધારિત રહેવું પડે છે. અદાણી અને રિલાયન્સ જેવી કંપનીઓએ દેશમાં સિલિકોન શુદ્ધિ પ્રોસેસ કરી તેમાંથી સોલાર સેલ આપવાનું પ્રયોજન કરવું જોઈએ. આમ કરવામાં કંપનીઓનાં સ્વહિત સાથે દેશહિત પણ જાળવી શકશે.

પ્રવિણભાઈ પટેલ (મો. ૯૮૨૫૧ ૯૪૪૮૮)

ડાંગ જિલ્લાના ખેડૂતો જોગ

આહવા તાઃ ૦૯ઃ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ખરીફ/રવિ સિઝન વર્ષ ૨૦૨૧-૨૨ મા તુવેર, અને ચણાની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી માટે, ગ્રામ્ય કક્ષાએઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા લિમિટેડ ગાંધીનગરના FPP પોર્ટલ (http://fpp.gujarat.gov.in) પર VCE મારફત અરજીઓની નોંધણી કરવાનુ નક્કી કરવામા આવ્યુ છે. જે અન્વયે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ગાંધીનગરનુ FPP પોર્ટલ (http://pp.gujarat.gov.in) આગામી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામા આવ્યુછે. ઉલ્લેખનિય છેકે, રાજ્ય સરકાર દ્વારા તુવેર પાક માટે લઘુત્તમ ટેકાનો ભાવ ૬,૩૦૦/- રૂપિયા પ્રતિ ક્વિ. (૧,૨૬૦/- રૂપિયા પ્રતિ મણ), અને ચણા પાક માટે લઘુત્તમ ટેકાનો ભાવે ૫,૨૩૦/- રૂપિયા પ્રતિ ક્વિ. (૧,૦૪૬/- રૂપિયા પ્રતિ મણ) જાહેર કરાયો છે. તે ભાવે ખેડૂતો પાસે થી સીધી ખરીદી કરવામા આવશે.

આ માટે, (૧) તુવેર પાકની ખરીદીનો સમયગાળો તા.૧૫/૦૨/૨૦૨૨ થી શરૂ કરી ૯૦ દિવસ (તા.૧૫/૦૫/૨૦૨૨ સુધી) નો રહેશે, અને ચણા પાકની ખરીદીનો સમયગાળો ૦૧/૦૩/૨૦૨૨ થી શરૂ કરી ૯૦ દિવસ (તા.૨૯/૦૫/૨૦૨૨ સુધી) નો રહેશે. તેમ, ડાંગના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક અખબારી યાદીમા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

ગાઠીયા ગામમાં ઉજવાઈ રહેલા ઈન્દ તહેવારની ટ્રાઈફેડે મુલાકાત લીધી

ટ્રાઈફેડ્ના ચેરમેન રામસિંહ રાઠવા તથા ટ્રાઈફેડના ગુજરાત રાજ્યના પ્રાદેશિક મેનેજર અજીત વછાણી અને તેમની ઓફિસના કર્મચારીઓએ છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના ગાંઠિયા ગામની ×ઈન્દ× તહેવાર નિમિત્તે મુલાકાત લીધી હતી.

આ નિમિત્તે રામસિંહ રાઠવા દ્વારા ×ઈન્દ× તહેવારની જાણકારી તથા તેના મહત્વતાને ટ્રાઈફેડના અધિકારીઓને અવગત કરાવ્યા. ×ઈન્દ'' તહેવાર પરંપરાગત રીતે ઊજવવામાં આવે છે. અહિંના આદિજાતિના લોકો તેમના આ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા તેમજ આવનારી પેઢિ તેમના આ વારસાને જાળવી રાખે તે હેતુસર આ તહેવાર ઉજવવામાં આવે છે. આ તહેવાર ×પિથોરા× ચિત્રકામ સાથે સંકળાયેલ છે અને આ ઉત્સવ દરમિયાન ×પિથોરા× ચિત્રકામ ઘરની પ્રથમ દિવાલ જેવીકે ઘરની સીમા અથવા ઓસરીની દિવાલ પર કરવામાં આવે છે. ×પિથોરા× એ ચિત્ર નહિ પરંતુ તે આદિવાસીઓના દેવ છે તેને દોરવામા નહિ પરંતુ લખવામાં આવે છે. પ્રકૃતિપુજક રાઠવા સમુદાયના લોકો તેને દેવ તરીકે પુજે છે. ટ્રાઈફેડ આદિજાતિના લોકોને આત્મ નિર્ભર બનાવવા પ્રયાસો કરે છે અને તે દિશામાં તે અગ્રેસર રહીને કાર્ય કરે છે. ટ્રાઈફેડના અધિકારીઓ સાથે આ માહિતી આપતા રામસિંહ રાઠવાએ જણાવ્યું કે ×પિથોરા× ચિત્ર ટ્રાઈફેડ તેના શો-રૂમ તથા તેના ઓનલાઈન પ્લેટ્ફોર્મ tribesindia.com દ્વારા બજારમાં ઉપલબ્ધ કરાવે છે. તો તેમને આ ચિત્ર બનાવવા પાછળનું કારણ સમજાવવા તથા તેમને કોઈ 'પિથોરા' ચિત્ર વિષે માહિતી માંગે તો તે સારી રીતે અવગત કરાવી શકે તે હેતુથી આ ×ઈન્દ'' ઉજવણી જોવા અને સમજવા અર્થે આ ગાંઠિયા ગામ મુકામે આમંત્રિત કર્યા છે.

તસવીર - અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

આજ રોજ તા ૯/૨/૨૨ ના રોજ મેઘરજ ખાતે દોષી પેટ્રોલ પંપ પાસે આવેલી વસાત ની માં આશીર્વાદ ચેરી ટેબલ ટ્રસ્ટ ના હેતલ બેન ભટ્ટ તથા પરિશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ ના રહીમ ભાઈ ચડી દ્વારા બાળકો તથા તેમના પરિજનો ને માહિતી આપવામાં આવી જેમાં અભ્યાસ ના જતા બાળકો ને અભ્યાસ જતા કરવા માટે પ્રયત્ન કરી અને સમજવામાં આવ્યા તથા ડ્રોપ આપેલી દીકરીઓ ને ફરી પુનઃ સ્થાપિત કરવા માટે તૈયાર કરવામાં આવી તથા સરકાર ની તમામ મહિલા તથા બાળકો યોજનાની માહિતી આપવામાં આવી

ખોડિયાર જયંતિ નિમિત્તે આજ રોજ અસારવા અમદાવાદ ઓમ નગર ખાતે ઓમ નમો માજિસા ગ્રુપ તરફથી બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકો પ્રસાદ નો લાભ લીધો હતો

કાઉ હગ કરવાથી માનસિક શાંતિ મળે છે, જેથી સ્વાસ્થ્ય અને પ્રસન્નતા વધે છે.

વેલન્ટાઇન-ડેની ઉજવણી શ્રીજી ગૌશાળા દ્વારા અનોખી રીતે કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગયા વર્ષની સફળતા તેમજ લોકોની માંગણી અને સરળતાને ધ્યાનમાં રાખીને ૧૩ ફેબ્રુઆરી, રવિવાર અને ૧૪ ફેબ્રુઆરી, સોમવાર એમ બંને દિવસ શ્રીજી ગૌશાળામાં 'કાઉ હગીગ ડે' તરીકે ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. જેમાં ગૌમાતાનું મહત્વ સમજાવવામાં આવશે. "કાઉ હગીગ ડે"ના અનોખા કન્સેપ્ટ સાથે શ્રીજી ગૌશાળા દ્વારા પશ્ચિમી સંસ્કૃતિના આંધળા વહેણમાં ફસાતી આપણી ભાવી પેઢીના યુવાઓને ગૌ-સંસ્કૃતિ તરફ વાળવા અને ગાયના ઔષધિય લાભો તરફ પ્રેરીત કરવાના ઉમદા આશય સાથે આ નવા કન્સેપ્ટ સાથેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજને ગાય સાથે જોડવાના આ અભીયાનમાં લોકોને જોડાવવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં આખો દિવસ ગીર ગૌમાતાને ભેટીને પ્રેમભરી સાત્વીક ઉર્જા મેળવવા માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. કાઉ હગ કરવાથી માનસિક શાંતિ મળે છે, જેથી સ્વાસ્થ્ય અને પ્રસન્નતા વધે છે.આ સાથે શ્રીજી ગૌશાળા દ્વારા અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે શ્રીજી ગૌશાળા દ્વારા અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વિદેશમાં ખાસ કરીને યુરોપ અને અમેરીકામાં લોકો ગાયમાંથી પોઝીટીવ એનર્જી રૂપીયા ખર્ચીને મેળવે છે. આપણી પાસે આર્ય સંસ્કૃતિની ધરોહર ગીર ગાય જે કોરોનાના સંકટકાળમાં પણ સંકટ મોચક ઔષધ સાબીત થઇ છે તે ખૂબ સહજતાથી અને ગામોગામ ઉપલબ્ધ હોય ત્યારે ગૌમાતાનું ધાર્મિકની સાથે સાથે વૈજ્ઞાનીક, આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, તબીબી, આરોગ્ય મુલ્ય પણ આપણે સૌ સમજવું જોઈએ. ગયા વર્ષે પણ શ્રીજી ગૌશાળા દ્વારા આ અભિનવ પ્રયોગ સમગ્ર વિશ્વમાં પ્રથમ વાર કરવામાં આવ્યો હતો, જેને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ હતી અને હજારો લોકો ગૌમાતાનાં દર્શન અને તેમને ભેટીને આશીર્વાદ લેવા પધાર્યા હતા. આ વર્ષે પણ કોરોના પ્રોટોકોલનું ધ્યાન રાખીને તેમજ સોસિયલ ડિસ્ટન્સ જાળવીને આ પ્રકારના દિવ્ય કાર્યક્રમનું આયોજન શ્રીજી ગૌશાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. સૌ કોઈ પોતાની સલામતી જાળવીને આ કાર્યક્રમમાં પધારે તેવી રીતે વિનંતી અને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેવી રીતે ભારતની તમામ ગૌશાળા અને પાંજરાપોળમા આ પ્રકારના કાર્યક્રમનું આયોજન સરકારની કોરોના ગાઈડલાઇન અને નિયમોના પાલન સાથે કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. જેથી યુવા પેઢીને ગૌ માતાનું મહત્વ સમજાય અને આપણી ગૌ સંસ્કૃતિ જળવાઈ રહે. તેમજ સૌ ગૌમાતાના આશીર્વાદથી પોતાના ક્ષેત્રમાં તન, મન, ધનથી આગળ વધી શકે. ગૌ સંસ્કૃતિને જીવંત કરવાના આ દિવ્ય કાર્યમાં સૌને જોડાવવા શ્રીજી ગૌશાળા વતી દાસભાઈએ અપીલ કરી છે. વધુ માહિતી માટે (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) , (મો. ૯૯૦૯૯ ૭૧૧૧૬) , (મો. ૯૮૨૫૪ ૧૮૯૦૦)નો સંપર્ક કરવા શ્રીજી ગૌશાળાની યાદીમાં જણાવાયું છે.

વામૈયા ગામે નાઈ પરિવાર નાં મામાએ પોતાની

ભાણી નાં લગ્ન ધામધૂમથી કરાવી ભાણીના માતા પિતા ની ફરજ પણ અદા કરી

નાનપણથી જ માતા પિતા ની છત્રછાયા ગુમાવી દેનાર ભાણીને પોતાની દિકરી ની જેમ ઉછેર કરી સ્વસુર ઘરે વિદાય કરતા સૌની આંખો ભિજાણી..

(રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો)

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના વામૈયા ગામના રહીશ અને પત્રકાર ની સાથે સાથે જીવદયા પ્રેમી તરીકે ની સેવા પ્રવૃતિ કરતાં શૈલેષભાઈ નાઈ એ માતા-પિતા વીનાની પોતાની ભાણીને નાન પણ થી પોતાની દિકરી જેમ ઉછેરી તેને ભણાવી ગણાવીને તેનાં લગ્નની ઉમર થતાં સારા પરિવારમાં તેનું સગપણ કરી તાજેતરમાં ધામ ધુમ થી પોતાની દિકરી સમાન ભાણી બિનલ ને તેનાં માતા પિતા ની ફરજ સાથે સાથે મામા ની પણ ફરજ અદા કરી બિનલનાં લગ્ન પ્રસંગ યોજી આજનાં સમાજને પ્રેરણા પૂરી પાડી છે. આ લગ્ન પ્રસંગમાં પ્રેરણા દાયક બાબત એ હતી કે શૈલેષભાઈએ પોતાની ભાણી બિનલને નાનપણથીજ એક દિકરી તરીકે ઉછેરી તેણીને ભણાવી ગણાવીને તેનાં લગ્ન સંસ્કારી પરિવારનાં યુવાન સાથે કરાવી એક માતા પિતા જેમ પોતાની દિકરીને વિદાય કરે તેમ શૈલેષભાઈ એ પોતાની ભાણી નુ કરિયાવર કરી ખુશી નાં આંસુ વચ્ચે વિદાય કરતા લગ્ન પ્રસંગ માં ઉપસ્થિત સૌ સગા સંબંધીઓ અને સ્નેહમિત્રો ની આંખો પણ ભરાઈ આવી હતી.

શૈલેષભાઈ નાઈએ પોતાની દિકરી સમાન ભાણીને ભણાવી ગણાવીને તેનાં લગ્ન પણ કરાવી એક મામા ની સાથે સાથે માતા પિતાની પણ ફરજ અદા કરીને આજનાં સમાજને પ્રેરણા પૂરી પાડી હોવાનું લગ્નમાં ઉપસ્થિત સૌએ જણાવી શૈલેષભાઈ નાઈને અભિનંદન પાઠવ્યા હતા.

અરુણાચલ પ્રદેશમાં શહીદીને વરેલા સૈનિકોના પરિવારજનોને મોરારિબાપુ તરફથી સહાય અને શ્રદ્ધાંજલિ

ગત થોડા દિવસો પૂર્વે ભારતના ઉત્તરપૂર્વિય રાજ્ય અરુણાચલ પ્રદેશની હિમાલયની ઉત્તુંગ ગિરિમાળાઓમા ભારતની સરહદોનું રક્ષણ કરી રહેલા ભારતીય સેનાના ૭ જવાનો ગુમ થયા હતા. સેનાના અધિકારીઓની સઘન શોધખોળ બાદ ભારતીય સેના દ્વારા સત્તાવાર રીતે દુઃખદ સમાચારો પ્રાપ્ત થયા કે એ સાત જવાનો હિમપ્રપાતને લીધે મૃત્યુ પામ્યા છે.

યોગાનુયોગ અત્યારે પૂજ્ય બાપુની કથા અરૂણાચલમાં જ ઇટાનગર ખાતે ચાલી રહી છે. બાપુએ આજની કથાના પ્રારંભમાં આ ૭ જવાનોને પોતાની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. શહીદ જવાનોના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે અને કથાના યજમાન શ્રી નિખિલભાઈને ઈટાનગર જીલ્લા કલેકટરને સાથે રાખી તમામ જવાનોના પરિવારજનોને શ્રી હનુમાનજીની સાંત્વનારૂપે પ્રત્યેક સૈનિકના પરિવારને રૂપિયા ૫ હજારની તત્કાલ સહાય પહોંચાડવા જણાવ્યું છે. તમામ મૃતક સૈનિકોનાં નિર્વાણ માટે પૂજ્ય બાપુએ હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી છે.

અરવલ્લી જીલ્લાના ગૌણ સેવા પસંદગી મડળ દ્વારા આયોજીત

સ્પર્ધાત્મપક લેખિત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ સેન્ટ્રર બંધ રાખવા

પરીક્ષા ખંડમાં સેલ્યુલર, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, કેલ્ક્યુલેટર જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરી શકાશે નહિ.

માહિતી બ્યૂરો, મોડાસા : અરવલ્લી જિલ્લામાં આગામી તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ગૌણસેવા પસંદગી મંડળ -ગાંધીનગર દ્વારા આયોજીત બિનસચિવાલય કલાર્ક અને ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની સ્પ ર્ધાત્મનક પરીક્ષા અરવલ્લી જિલ્લા ખાતે પણ યોજાનાર છે. જેથી પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટદરો બંધ રાખવા તેમજ પ્રતિબંધાત્મસક હુકમો બહાર પાડવા જરૂરી જણાતા અરવલ્લી જિલ્લાના અધિક જિલ્લાઆ મેજીસ્ટ્રે ટશ્રી એન.ડી.પરમાર એ તેમને મળેલ અધિકારની રૂએ અરવલ્લી જિલ્લા ના સબંધિત પરીક્ષા કેન્દ્રો ના વિસ્તાટરમાં પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે, તે માટે પરીક્ષા સ્થલળોની આસપાસના ઝેરોક્ષ સેન્ટ્ર બંધ રાખવા અંગે જાહેરનામા દ્વારા મનાઈ ફરમાવી છે.

વધુમાં જણાવ્યાર પ્રમાણે આ દિવસ દરમ્યોન તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ અરવલ્લી જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો (સ્થમળો) ની આજુબાજુમાં ૧૦૦ મીટરની હદમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય થતી ગેરરીતિ અટકાવવા માટે તમામ ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા માટેનો પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ ઉપરાંત પરીક્ષા ખંડમાં સેલ્યુલર, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, કેલ્ક્યુલેટર જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરવા પર અને પરીક્ષાના દિવસે જિલ્લામાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની આજુ-બાજુમાં ૪ કે તેથી વધુ વ્યક્તિઓએ ઊભા રહેવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ જાહેરનામાનો કોઈ ભંગ કરશે અથવા ભંગ કરવામાં મદદગારી કરશે તો આઈ.પી.સી કલમ ૧૮૮ મુજબ ફરિયાદ માંડવા અને શિક્ષાને પાત્ર થશે.

દેશમાં વીજ મથક તથા ઔદ્યોગિક એકમોમાં ફરી કોલસાની તંગી : ગુજરાતમાં સરેરાશ ૩ દિવસનો સ્ટોક

નવીદિલ્હી,તા. ૯

દેશમાં ફરી એક વખત વીજ કટોકટી અને કોલસા પર ચાલતા ઉદ્યોગો માટે ચિંતાનો સમય આવી ગયો છે. કોલ મંત્રાલયના આંકડા બતાવે છે કે કોલસાની માંગ અને પુરવઠા વચ્ચેનો ગેપ વધી ગયો છે અને તેનાથી વીજ ઉત્પાદક એકમોને ઓછો કોલસો મળી રહ્યો છે તથા ઉત્પાદન એકમો કોલસા પર ચાલતા હોય તેમની પાસેનો સ્ટોક પણ ઘટી ગયો છે.

હાલના અંદાજ મુજબ દેશમાં વીજ મથકો કે જે કોલ આધારિત છે તેની પાસે સરેરાશ ૯.૮ દિવસનો કોલસો છે જે નિયમ મુજબ ઓછામાં ઓછો ૨૪ દિવસનો રાખવો ફરજીયાત છે. નેશનલ પાવર પોર્ટલના રિપોર્ટ મુજબ આ વીજ એકમોમાં ક્રિટીકલ ગણી શકાય તેવો સ્ટોક ફક્ત ૭ દિવસ કે તેથી ઓછાનો છે. જો કે મંત્રાલય તેના માટે સિઝનલ કારણો જવાબદાર ઠેરવે છે અને ભારતીય રેલવેને પણ દોષિત ગણાવે છે.

ગત વર્ષના અંત ભાગમાં દેશમાં વીજ કટોકટીની ચિંતા હતી અને તે સમયે કોલસાનો પુરવઠાનો મુદ્દો હતો પણ એવો જવાબ અપાયો હતો કે ચોમાસાના કારણે ખાણમાં કામકાજને બ્રેક લાગી હતી અને રેલવેની હેરફેર પણ અટકી હતી પરંતુ હવે તેમાંથી એક પણ કારણ નથી. દેશના વીજ મથકોમાં કેલસા આધારિત સૌથી વધુ છે. જયારે મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક જેવા રાજ્યો કે જ્યાં પ્રવૃતિઓ વધુ છે ત્યાં સરેરાશ ફક્ત ચાર દિવસનો કોલસાનો પુરવઠો છે.

રસપ્રદ બાબત એ છે કે કોલ મીનીસ્ટ્રી કહે છે કે સામાન્ય રીતે આ સમયમાં કોલસાનો પુરવઠો વધુ હોય છે પરંતુ હાલની સ્થિતિમાં કોલસાની ગુણવતા ખરાબ થઈ હોવાથી ચિંતા વધી છે.

ગુજરાતમાં જોઈએ તો કોલ મંત્રાલયના પોર્ટલ મુજબ વીજ ઉત્પાદક મથકો પાસે ફક્ત ૩.૬ દિવસનો કોલસાનો પુરવઠો છે. મહારાષ્ટ્ર માટે ૪.૪ દિવસ, આંધ્ર પાસે ૩.૯ દિવસ અને પશ્ચિમ બંગાળ ૩.૩ દિવસનો પુરવઠો છે. દેશની સૌથી મોટી વીજ ઉત્પાદક એકમ એનટીપીસી તથા તેના સહયોગી પાસે સરેરાશ ૧૩ દિવસનો અને સ્વતંત્ર પાવર પ્લાન્ટ માટે ૯.૩૬ દિવસનો કોલસાનો પુરવઠો છે.

દેશમાં આયાતી કોલસા પર આધારિત એકમો પાસે ૪.૯ દિવસનો પુરવઠો છે. વાસ્તવમાં જાન્યુઆરી માસમાં ૫૫૨.૬૫ મીલીયન ટન કોલસો પાવર સેકટરને પુરો પાડવામાં આવ્યો હતો પરંતુ ગુણવતાનો પ્રશ્ન ઉભો થયો છે.

ટેપિગ કેમેરા દ્વારા આગામી મહિનામાં છોટા ઉદેપુરનાં જંગલોમાં રિસચે નું કામ શરૂ કરવામાં આવશે..

PATAN_HNGU : યુનિવર્સિટીની WCB રિસચે લેબને ૧૨ જેટલા આધુનિક ટેપિગ કેમેરાનું દાન પ્રાપ્ત થયું

અમેરિકા અને અમદાવાદ ની ધ સેનેનિટી ટ્રસ્ટના સહયોગથી ઉપલબ્ધ બનેલા આધુનિક કેમેરા રિસર્ચ માટે ઉપકારક બની રહેશે..

પાટણ તા.૮

ગુજરાતનાં રીંછ અભ્યારણો માં રીંછના સ્વરક્ષણ અને માનવ ઉપર થતા હુમલાઓને રોકવા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વાઇલ્ડ લાઇફ એન્ડઝૅવેશન બાયોલોજી રીસર્ચ લેબ અને વન વિભાગના સંયુકત ઉપક્રમે સંશોધન પ્રોજેકટ હાથ ધરવામા આવ્યો છે. રાજયના મધ્ય ગુજરાતમાં આવેલા છોટા ઉદેપુર, જાંબુઘોડા, અને રતન મહાલ સહિતના રીંછ અભ્યારણોમાં વર્ષ ૨૦૧૯થી રીંછ કોરીડોર નેરીનોવેટીવ કરવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેકટમાં પાટણ જીલ્લા વન વિભાગ, ગુજરાત રાજય અને યુનિવર્સિટીની વાઇલ્ડ લાઇફ એન્ડઝૅવેશન બાયોલોજી રીસર્ચ લેબ તથા ડબલ્યુસીએમ ફાઉન્ડેશનના ઉપક્રમે પ્રોજેકટ ચાલી રહયો છે. આ પ્રોજેકટમાં અત્યાર સુધી વન વિભાગના કર્મચારીઓને તેમજ યુનિવર્સિટીની રીસર્ચ લેબના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી રહી છે. જેમાં રીંછ અભ્યારણમાં રહેતા લોકોને રીંછ વિશેની સાચી સમજ આપવાનું કામ કરવામાં આવી રહયું છે તો સાથે સાથે આ રીંછ અભ્યારણોમાં અમેરીકાના બેલટ્રાક અને અમદાવાદના સહયોગથી રીસર્ચ લેબને આધુનિક ૧૨ જેટલા કેમેરા ટ્રેપ તથા અન્ય સાધનોનું અનુદાન મળ્યું છે.

આ કેમેરા દ્વારા રીંછના વિસ્તારોમાં તેની આવન-જાવન અને ચહલ પહલ પર મોનીટરીંગ કરાશે જેથી તેના કોરીડોરનો સ્પર્શ ખ્યાલ આવી શકે તેમજ આ આધુનિક કેમેરાઓનો કેવી રીતે ઉપયોગ કરવો તેની વિદ્યાર્થીઓ અને વનવિભાગના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી રહી છે. આ આધુનિક કેમેરાની મદદ વડે રાત્રિના સમયે રીંછ અભ્યારણમાં રીંછ પર થતા હુમલાઓને રોકી શકાશે તેમજ આ કેમેરાઓમાં ફલેશગનની સીસ્ટમ ન હોવાથી રીંછ સહિત અન્ય પ્રાણીઓને રાત્રિના સમયે કોઇ મુશ્કેલી ઉભી નહીં થાય.

આમ ગુજરાતના રીંછ અભ્યારણોમાં રીંછના કોરીડોર સહિત તેની ચહલ પહલ અને તેના સંરક્ષણ માટે તેમજ તેના મોનીટરીંગની તમામ વિગતો મેળવવા આ કેમેરાની તીસરી આંખ મહત્વની બની રહેશે તેવું યુનિવર્સિટી નાં ડો.નિશિથ ધારૈયાએ જણાવ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.